સુવિચાર

સફળ થવા માટે તમને પ્રભાવિત કરે તેવી વ્યક્તિઓ કરતાં તમને પ્રોત્સાહિત કરે તેવી વ્યક્તિઓનું તમારા જીવનમાં હોવું વધુ જરૂરી છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૬/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અષાઢ સુદ-૩ વર્ષ : ૧૫ અંક : ૧૬૦



તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ
તા.૨૦-૦૬-૨૦૨૩, મંગળવાર
તા. ૨૧-૦૬-૨૦૨૩, બુધવાર
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.

કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
• યાદશક્તિ અને ગ્રહણશક્તિમાં વધારો
• આયુર્વેદીક રસીકરણ
• ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો
• પાચનશક્તિમાં વધારો
• રોગપ્રતિકારક શક્તિ વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
• મગજતેજ અને બાળક ઉત્સાહી બને


## શહેરનાં બિનાકા ચોકમાં આવેલ વર્ષો જુના જગન્નાથ મંદિરનો જીર્ણોધ્ધાર કરીને

# જય જગન્નાથ : અમરેલીમાં આગામી અષાઢી બીજથી રથયાત્રાનો પ્રારંભ

**વિશ્વ હિન્દુ પરિષદ તેમજ શહેરનાં વિવિધ ક્ષેત્રનાં આગેવાનોએ મંદિર જીર્ણોધ્ધારનો કર્યો સંકલ્પ**

**જગન્નાથપુરી અને ભાવનગર ખાતે આવેલ ભગવાન જગન્નાથ મંદિર જેટલું જ મહત્વ અમરેલીનાં મંદિરનું હોવાનું જાણવા મળ્યું**

**ભગવાનને હાંડી પુરી ભાવનગર અને અમરેલીનાં મંદિરમાં જ ચડાવાતી હોવાનું ડો. મહેતાએ જણાવ્યું**

**અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલીયા, મુકેશ સંઘાણી, એડવોકેટ અજય પંડયા, સિન્ડીકેટ મેમ્બર પાર્થિવ જોષી સહિતનાં આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા**




અમરેલી, તા. ૨૦

અમરેલી શહેરની પવિત્ર ભૂમિ ઉપર આજે અષાઢી બીજનાં પવિત્ર દિને શહેરનાં દ્વારકાધીશ હવેલી અને બિનાકા ચોક વચ્ચે આવેલ અંદાજિત ૨૦૦ વર્ષ જુના જગન્નાથ મંદિરનો જીર્ણોધ્ધાર કરવાનો અને આગામી અષાઢી બીજનાં દિવસે શહેરમાં રથયાત્રાનું આયોજન કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો.

અમરેલીનાં જાણીતા એડવોકેટ અજય પંડયા, "અમરેલી એક્સપ્રેસ"નાં તંત્રી મનોજ રૂપારેલને બે દિવસ પહેલા અચાનક જ શહેરનાં મંદિરનો જીર્ણોધ્ધાર કરીને શહેરમાં દર વર્ષે અષાઢી બીજની ઉજવણી કરવી, રથયાત્રાનું આયોજન કરવું તેવો વિચાર આવ્યો અને એડવોકેટ અજય પંડયાએ આ બાબતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સિન્ડીકેટ મેમ્બર પાર્થિવ જોષી સહિતનાં આગેવાનોને સહકાર આપવા


અનુસંધાન પાના ૬ ઉપર


### એસપીની સુચનાથી સ્થાનિક સર્વેલન્સ ટીમની કામગીરી

# લાઠીનાં પૌરાણિક ભીડભંજન મંદિરમાં થયેલ ચોરીનાં ગુન્હાનો ભેદ ઉકેલાયો

**૨ આરોપીની મુદ્દામાલ સાથે અટકાયત**



અમરેલી, તા. ૨૦

લાઠીના અમરેલી રોડ ઉપર આવેલ પૌરાણિક ભીડભંજન મહાદેવ મંદીરમા રાત્રીના સમયે તાળા તોડી મંદીરમા પ્રવેશ કરી પંચધાતુના નાના મોટા બે નાગ આશરે ત્રણેક કીલો વજનનો જેની કિંમત રૂા. ૧,૫૦૦ તથા બે પિતળની નાની-મોટી આરતી કરવાની ટકોરી કિંમત રૂા. ૫૦૦ તથા પાર્વતીજીની મુર્તી ઉપર રહેલ ચાંદીનો મુંગટ નાનો કિંમત રૂા. ૫૦૦ તથા મંદિરમાં લગાડેલ પિતળના નાના-મોટા બે ટંકોરા (ઘંટ) આશરે વજન ૧૫ કીલો જેની કિંમત રૂા. ૭,૫૦૦ તથા મહાકાળી માતાજીના મંદિરમાં થાપા ઉપર ચાંદીનું છત્તર કિંમત રૂા. ૨૦૦ મળી કુલ રૂપિયા ૧૦,૨૦૦ની ચોરી કરી ગુન્હો આચરી નાસી ગયેલ હોય અને આ કામે લાઠી પોલીસ સ્ટેશનમાં ગુન્હો તા. ૧૭ના કલાક ૧૦/૧૫ વાગ્યે રજી. થયેલ હતો.

પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જીલ્લામાં ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઈસમોને પકડી તેઓના વિરૂધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ શરીર સબંધી તથા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ અટકાવવા તેમજ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા માટે વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરવા તેમજ આરોપીઓ શોધી કાઢવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે લાઠી પોલીસ સ્ટેશનમાં જે ગુન્હાના કામના આરોપીઓને અંગત બાતમી રાહે ચોરીમા ગયેલ તમામ મુદ્દામાલ રીકવર


અનુસંધાન પાના ૬ ઉપર


### જાફરાબાદ નજીક આવેલ

# નાગેશ્રી ગામે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ૭ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**રૂા. ૮૧૯૩૦નો મુદ્દામાલ કબ્જે લઈ કરી કાર્યવાહી**

અમરેલી, તા. ૨૦

જાફરાબાદ તાલુકાનાં મીઠાપુર ગામે રહેતા ભુપતભાઈ ભરતભાઈ વરૂ સહિત ૭ લોકો નાગેશ્રી ગામે જાહેરમાં પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે અમરેલી એલસીબીને બાતમી મળતા દરોડો પાડી સાતેય ઈસમોને રોકડ રકમ રૂા. ૫૫૪૩૦ તથા મોબાઈલ ફોન-૪ કિંમત રૂા. ૨૬૫૦૦ મળી કુલ રૂા. ૮૧૩૯૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા.


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
રેતીમાં ઢોળાયેલ ખાંડ કીડી વીણી શકે, હાથી નહિ, તેથી ક્યારેય નાના માણસને નાનો ના ગણવો. ક્યારેક નાનો માણસ મોટું કામ કરી જાય છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868


### સાવરકુંડલા નજીક આવેલ

# પિયાવા ગામેથી ૨૧ વર્ષિય યુવતિનું ધાર ગામનાં યુવક દ્વારા અપહરણ

**ધાર ગામે રહેતા ૪ ઈસમો સામે ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૦

સાવરકુંડલા તાલુકાના પિયાવા ગામે રહેતી ૨૧ વર્ષિય યુવતિને સાવરકુંડલા તાલુકાનાં ધાર ગામે રહેતા સદામ જુસબભાઈ અગવાન નામનો શખ્સ અવારનવાર ફોન કરી અને પોતાની સાથે સંબંધ તથા વાતચીત કરવા માટે તેણીનાં ભાઈને મારી નાંખવાની ધમકી આપતો હોય, ત્યારે આરોપી સદામ અગવાન તથા અન્ય ૩ શખ્સો મળી ગત તા. ૧૯ નાં રોજ વહેલી સવારે ૨ વાગ્યાનાં સમયે યુવતિને ધાક ધમકી આપી ઘરની બહાર બોલાવી ખાનગી કારમાં લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયાની ફરિયાદ વંડા પોલીસમાં નોંધાતા પોલીસે બનાવ અંગે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.


ચોથી વાર્ષિક પુષ્યતિથિએ વિનામુલ્યે હેલ્થ ચેકઅપ કેમ્પ

સ્વ. ભવદિપસિંહ વકતુસિંહ કાભી ની
ચોથી વાર્ષિક પુણ્યતિથિએ
તેમના સ્મરણાર્થે અમરેલી શહેરના પ્રબુધ્ધ નાગરિકો માટે વિનામુલ્યે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન રાખેલ છે.
આ કેમ્પમાં લાભ લેવા માંગતા વ્યકિતએ તા. ૨૨-૦૬-૨૦૨૩, ગુરૂવાર, સાંજ સુધીમાં આધારકાર્ડ સાથે નામ નોંધાવવા અનુરોધ કરવામાં આવે છે.
નામ નોંધાવવા માટે : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ, જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિન પંડયા : મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ ■ પાર્થ પંડયા : મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦
હેલ્થ ચેકઅપ કેમ્પ તારીખ : ૨૩-૦૬-૨૦૨૩, શુક્રવાર. સવારે ૯:૦૦ કલાકથી...
સ્થળ : સૂર્યાગાર્ડન (હોલમાં ઉપર), એરોડ્રામ સામે, ચિતલ રોડ, અમરેલી.

## સર્વ શિક્ષા અભિયાન હેઠળ હોસ્ટેલનું નિર્માણ, ભોજનશાળા સહિતની સુવિધાઓ

# ચાંચબંદર પ્રાથમિક શાળા જિલ્લાની સર્વશ્રેષ્ઠ શાળા

**દરિયાઈ વિસ્તારમાં બહારથી આવતાં શ્રમિક પરિવારોનાં બાળકો જીવનનાં નવા આયામો સર કરી રહ્યા છે**

**સરકારની સહાય અને શિક્ષકોનાં શ્રમયજ્ઞનાં સમન્વયનું પરિણામ સાકાર થયું**

**જિલ્લાનાં છેવાડાનાં વિસ્તારમાં શાળાની કાયાપલટ થતાં શિક્ષણપ્રેમીઓમાં પણ ખૂશીનો માહોલ**

**શિક્ષણની દિવ્ય જયોત પ્રગટાવતાં શાળાનાં શિક્ષિકા શારદાબેન વાઘેલા**






અમરેલી, તા. ૨૦

ચાણકયે કહ્યું હતું કે, ''શિક્ષક કભી સાધારણ નહીં હોતા, નિર્માણ ઔર પ્રલય ઉસકી ગોદ મેં પલતે હૈ'' આ ઉકિતને ખરાંઅર્થમાં ચાંચ બંદર પ્રાથમિક શાળા ખાતે સાકાર થતી જોવા મળે છે. ચાંચ બંદર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષિકા શારદાબેન વાઘેલાએ સ્થાનિક સ્તરે પ્રશ્નોની પરખ મેળવી શાળા કક્ષાએ વધુ સારો અભ્યાસ થઈ શકે તે માટે જરૂરી પ્રયત્નો હાથ ધર્યા.

દરિયાઈ વિસ્તારમાં બહારથી પણ લોકો મજૂરીકામ અર્થે આવે છે. શ્રમિકોના બાળકો અગાઉ શાળાએ આવવા અને અભ્યાસ માટે તૈયાર નહોતા તે બાળકો હવે માતા–પિતા સાથે જવાને બદલે ચાંચ સ્થિત હોસ્ટેલમાં રહીને જીવનના નવા આયામો સર કરી રહ્યા છે. ચાંચ એ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકામાં છેવાડાનું અને દરિયાઈ કાંઠા વિસ્તારમાં આવેલું અંતરિયાળ ગામડું છે. ચાંચમાં ત્રણેય બાજું ઘૂઘવતા સમુદ્રનું પાણી છે અને મોટાભાગની વસતીનો મુખ્ય વ્યવસાય શ્રમ કાર્ય છે. છેવાડાના શ્રમિક વર્ગના નાગરિકોને પણ શિક્ષણ સહિતની સુવિધાઓ મળી રહે તે માટે રાજય સરકાર સતત કાર્યરત છે. ચાંચમાં એક સમય એવો હતો કે, પ્રાથમિક શાળા હોવા છતાં પણ બાળકો અભ્યાસ અર્થે શાળાએ નહોતા આવતા. તેનું મુખ્ય કારણ વ્યવસાયિક અને અન્ય સ્થિતિ હતા. બાળકો અભ્યાસ મેળવવા શાળાએ આવવાને બદલે પોતાના માતા–પિતા સાથે તેમના કામના સ્થળે જતાં રહેતા હતા. દરિયાઈ કાંઠાના આ વિસ્તારમાં પરિવર્તન આવે અને બાળકોના અભ્યાસ અર્થે વધુ કંઈક કરવા રાજય સરકારના વિવિધ વિકાસકાર્યો અમલી કર્યા. બાળકોના રહેઠાણ અને ભોજન માટે વિશેષ આયોજન થાય તો તેઓ ત્યાં રહે, જમે અને અભ્યાસ કરી શકે. રાજય સરકારને ધ્યાને છેવાડાના આ વિસ્તારની આ સ્થિતિ ધ્યાને આવી. છેવાડાના આ વિસ્તારમાં સ્થિતિને અનુરૂપ સગવડ થઈ શકે તે માટે સર્વ શિક્ષા અભિયાન હેઠળ ચાંચ ખાતે સીઝનલ હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવ્યું છે. પ્રાથમિક શાળાની સાથે સાથે બાળકો માટે આ વિશેષ સુવિધાઓમાં ઉમેરો થયો. વધુમાં આ બાબતે સ્થાનિક સ્તરે હવે જાગૃત્તિ આવે તેવા પ્રયાસો શરૂ થયા. માતા–પિતાના વ્યવસાયના સ્થળે જવાને બદલે બાળકો ચાંચ પ્રાથમિક શાળામાં આવે તે માટે શાળાના શિક્ષિક શારદાબેન વાઘેલાએ અભ્યાસ અને અન્ય ઈત્તર પ્રવૃત્તિઓ માટે સંપૂર્ણપણે પરિવર્તન લાવવાનું નિયત કર્યુ, જેથી બાળકોને તેના ભાવિનું ભાથું મળી રહે.

ચાંચની આ શાળામાં શારદાબેન વાઘેલાએ બાળકોને માતાની હુંફ અને પિતાનું વાત્સલ્ય આપવાની સાથે શિક્ષણની દિવ્ય જયોત પ્રગટાવી દીધી છે. શાળામાં બાળકોને શિક્ષણ સાથે સ્નેહ, લાગણી, કાળજી અને હૂંફ મળી રહે તે માટે સવિશેષ દરકાર શાળાના શિક્ષકો કરી રહ્યા છે. તેમના આ સંનિષ્ઠ પ્રયાસોનું પરિણામ એટલું સકારાત્મક મળ્યું કે, શ્રમિક પરિવારના બાળકોએ પોતાના માતા–પિતા સાથે તેના વ્યવસાયના સ્થળ પર જવાને બદલે ચાંચની આ સીઝનલ હોસ્ટેલમાં રહીને વધુ સારી રીતે અભ્યાસ કરી શાળાએ નિયમિત રીતે આવવાનું નક્કી કર્યું.

છેવાડાના વિસ્તાર એવા ચાંચમાં શ્રમિક પરિવારના બાળકો પોતાના જીવનની નવી દિશાઓ કંડારી રહ્યા છે તે રાજય સરકારની શૈક્ષણિક વિવિધ સુવિધાઓ અને ચાંચ ખાતેના શિક્ષકોનો શ્રમ યજ્ઞના સમન્વયનું પરિણામ છે. મહત્વનું છે કે, સર્વ શિક્ષા અભિયાન હેઠળ ચાંચ સ્થિત આ શાળામાં સીઝનલ હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ભોજન શાળા, બાળકોને ભોજન સમયે બેસવા ટેબલ પાટલી, બાળકોને આરામ માટે ગાદલા, રઝાઈ સહિતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. શિક્ષણ માટેની વિવિધ સુવિધાઓ શાળામાં અને રહેવા–જમવા સહિતની સુવિધાઓ બાળકોને ચાંચમાં મળી રહેતા માતા–પિતા પણ પોતાના બાળકના અભ્યાસ અને ઘડતર બાબતે નિશ્ચિત બન્યા છે. શાળાના શિક્ષકોના શિક્ષા યજ્ઞ થકી ચાંચ એ સમગ્ર જિલ્લામાં મોડેલ શાળા બની છે. શાળાના શિક્ષક શારદાબેને જણાવ્યું કે, તેઓ વર્ષ ૨૦૦૪માં ચાંચ ખાતે શિક્ષિક તરીકે જોડાયા અને શિક્ષણનો 'યજ્ઞ' આજ દિન સુધી અવિરત શરૂ રહ્યો છે. તેમણે ઉમેર્યુ કે, ઘડિયાળમાં ૨૪ કલાકનો સમય છે જે મારે માટે માત્ર બાળકો અને શાળા માટે જ છે. માતૃત્વ ભાવ સાથે શારદાબેન બાળકોને અભ્યાસની સાથે તેને માર્ગદર્શન, હુંફ, સુરક્ષા, ઉછેર, ઘડતર અને કેળવણી આપે છે. બાળકોના શિક્ષણ પ્રત્યે વધુ સારૂં શું કરી શકાય તે માટે શાળાના શિક્ષકો સતત કાર્યરત રહે છે. શિક્ષકો ધારે તો શું ન કરી શકે !

સમગ્ર જિલ્લામાં ચાંચની પ્રાથમિક શાળા એ જિલ્લાની સર્વ શ્રેષ્ઠ શાળા તરીકે ખ્યાતિ પામી ચૂકી છે. ગામનાં વડીલો અને વિદ્યાર્થીઓના વાલીઓનો સંપર્ક કરી શિક્ષણ પ્રત્યે જાગૃત્તિ ફેલાવવામાં કિંમતી સમય ઉપરાંત અનેક પ્રકારે સિંહ ફાળો આપ્યો છે. તેમની મહેનત એટલી રંગ લાવી કે આજે ચાંચ ગામની દીકરીઓ પણ શાળાએ નિયમિત રીતે આવી તે અભ્યાસ કરે છે. ચાંચમાં વધુને વધુ પ્રગતિ થાય તે માટે રાજય સરકાર દ્વારા અનેક વિકાસ કાર્યો પણ કરવામાં આવી રહ્યા છે. રાજય સરકારના વિકાસલક્ષી કામોએ છેવાડાના વિસ્તારને નવી દિશામાં આગળ વધવાનું બળ પૂરૂં પાડયું છે. શાળાના શિક્ષકો એવા વિરલ વ્યકિતત્વ ધરાવે છે કે, તે તેની મહેનત થકી, વિદ્યાર્થી જ નહિ પરંતુ સૌ કોઈને પ્રેરણાબળ પુરૂ પાડી શકે છે. એક વ્યકિત ધારે તો શું ન કરી શકે ? ! તેનું ઉત્તમ ઉદાહરણ શારદાબેન સહિતના શિક્ષકો અને ચાંચ ગામની આ પ્રાથમિક શાળા છે.

**આલેખન : ધર્મેશ એન. વાળા**
**જિલ્લા માહિતી કચેરી અમરેલી**
**પૂરક વિગતો : અમરેલી નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સોલંકી**

---

## અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠે આવેલ

# એપીએમ ટર્મિનલ પિપાવાવને સીસીજી સર્વિસનો પ્રથમ કોલ મળ્યો

**દરિયાકાંઠાનાં માર્ગે ગુજરાતને બાકીનાં ભારત સાથે જોડશે**




પિપાવાવ, તા. ૨૦

ભારત : પશ્ચિમ ભારતના અગ્રણી ગેટવે બંદરોમાંના એક એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે ગયા અઠવાડિયે જયારે એસએસ મનાલી જહાજ ૧૦ જૂનના રોજ બંદર પર ઉતર્યુ ત્યારે સીસીજી (કોલંબો કોચીન ગલ્ફ) સર્વિસના પ્રથમ કોલનું સ્વાગત કર્યુ હતું. સીસીજી સર્વિસ દુબઈમાં સ્થિત અગ્રણી કન્ટેનર ફીડર સર્વિસ કંપની ગ્લોબલ ફીડર શિપિંગની પેટાકંપની સીમા મરીન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ઓફર કરવામાં આવતી ફલેગશિપ કોસ્ટલ સર્વિસ છે.

સીસીજી સર્વિસ એ પોર્ટની આગેવાનીના વિકાસ દ્વારા જળમાર્ગો અને દરિયાકાંઠાની સંભવિતતાને અનલોક કરવાની ભારત સરકારની પહેલ સાગરમાલાના નેજા હેઠળ ડિઝાઈન કરવામાં આવી છે. સર્વિસ રોટેશનમાં મુંદ્રા, પીપાવાવ, મેંગલોર, કોચીન, કોલંબો, કટુપલ્લી, વિઝાગ, કૃષ્ણપટ્ટનમ, કટુપલ્લી, કોલંબો, કોચીન અને મુંદ્રાનો સમાવેશ થાય છે.

બર્થ પર ટિપ્પણી કરતા એપીએમ ટર્મિનલ્સ પીપાવાવના એમડી ગિરિશ અગ્રવાલે જણાવ્યું હતું કે 'અમને એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ ખાતે સીસીજી સર્વિસને આવકારતાં આનંદ થાય છે. આ અમારા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે કારણ કે સર્વિસ બાકીના ભારત સાથે અમારી કનેકિટવિટી મજબૂત કરવામાં મદદ કરે છે. અમે અમારા ગ્રાહકોને કાર્યક્ષમ અને વિશ્વસનીય સર્વિસીઝ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છીએ અને સીમા મરીન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ સાથેની આ ભાગીદારી દરિયાકાંઠાના અને એકિઝમ ક્ષેત્રો દ્વારા સીમલેસ વેપારને સરળ બનાવવાની અમારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. અમે વેપારમાં સફળ સહયોગ અને પરસ્પર લાભોના આદાનપ્રદાન માટે આતુર છીએ.'

સીમા મરીન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના વાઈસ પ્રેસિડેન્ટ માઈક હિલ્ટને પણ કોલ પર પોતાના વિચારો વ્યકત કરતાં જણાવ્યું હતું કે 'અમે માનીએ છીએ કે સીસીજી સર્વિસ આ પ્રદેશમાં ટોચના કોર્પોરેટસની જરૂરિયાતોને અસરકારક રીતે પૂરી કરશે અને સોડા એશ, ઘઉં, ટાઈલ્સ અને કપાસ જેવી કોમોડિટીની સતત અવરજવરને સરળ બનાવશે. સ્પર્ધાત્મક દરો ઓફર કરીને અને કન્ટેનર કોસ્ટલ મૂવમેન્ટને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારની પહેલને ટેકો આપીને અમારો હેતુ ભારતની સફળતાની વાર્તાનો અભિન્ન ભાગ બનવાનો છે. અમારો ધ્યેય વધુ દરિયાકાંઠાના કાર્ગો મૂવમેન્ટને આકર્ષિત કરવાનો છે અને દરિયાઈ માર્ગેથી સમગ્ર દેશમાં સેવા આપવાનો છે.'

સીસીજી સર્વિસ એ એપીએમ ટર્મિનલ્સ પીપાવાવને કોલ માટે ગ્લોબલ ફીડર શિપિંગ દ્વારા બીજી ઓફરિંગ છે, જેમાં પ્રથમ એમપીજી (મુન્દ્રા પીપાવાવ ગલ્ફ) સર્વિસ છે જેણે ડિસેમ્બર ૨૦૨૨માં નિયમિત વીકલી કોલ્સ શરૂ કર્યા હતા.

---


## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો સરાહનીય નિર્ણય : પાર્થિવ જોષી

# અમરેલી જિલ્લાની જરૂરિયાતવાળી તમામ કોલેજોને સંખ્યા વધારો આપવામાં આવશે

**જિલ્લામાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓને બહાર જવું નહિ પડે**

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં ધોરણ–૧૨નું પરિણામ આવ્યા પછી અલગ અલગ ફેકલ્ટીઓમાં પ્રવેશ માટે સતત ઘસારો રહેતા અનેક સરકારી, ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને સીટ વધારવાની જરૂર પડેલ. જે બાબતે સિન્ડિકેટ મેમ્બર પાર્થિવ જોશીએ યુનિવર્સિટીમાં રજૂઆત કરતા



યુનિવર્સિટીનાં કુલપતિ ગીરીશભાઈ ભીમાણી અને સત્તા મંડળનાં સૌ સભ્યોએ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પોતાના વતનથી નજીક અને જિલ્લામાં અભ્યાસ કરવા માંગતા તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ ન મળવાના કારણે જિલ્લા બહાર જવું ન પડે એ હેતુથી સંખ્યા વધારો માંગેલ તમામ સંસ્થાને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ સંખ્યા વધારો આપવાનો નિર્ણય કરેલ છે.

---

# લીલીયામોટા ખાતે વિશ્વ હિન્દુ પરિષદની બેઠક યોજાઇ




લીલીયા મોટા, તા. ૨૦

લીલીયા મોટાના વડવાળા હનુમાનજીના સાનિધ્યમાં વિશ્વ હિન્દુ પરિષદની બેઠક અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ ઈતેશભાઈ મહેતાની અધ્યક્ષતામાં મળી જેમાં જણાવવામાં આવેલ કે જન્માષ્ટમી ૨૦૨૩ના રોજ વિશ્વ હિન્દુ પરિષદના ૬૦ (સાઈઠ) વર્ષ પૂર્ણ થયાની ઉજવણી કરવામાં આવશે અને ભવિષ્યમાં ઘણા કાર્યક્રમો પણ કરવામાં આવશે. ત્યારે ઉપસ્થિત લોકોને આવનારા તહેવારોમાં તેમજ શોભાયાત્રામાં વધારેમાં વધારે લોકોને જોડવા આહવાન કરવામાં આવેલ ત્યારે સાથે સાથે લીલીયા વિશ્વ હિન્દુ પરિષદના હોદ્દેદારોની વરણી કરવામાં આવી.

જેમાં પ્રમુખ તરીકે નિલેશ શેખલીયા, ઉપપ્રમુખ પ્રજેશ ભારદિયા, મંત્રી દીનેશ સંગતાણી, સહમંત્રી અબીલ વાઘેલા સાથે બજરંગ દળના પ્રમુખ તરીકે વિશાલ બુહા, ઉપપ્રમુખ તરીકે મિત સોળીયાની વરણી કરવામાં આવેલ.

આ તકે વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા ટીમના દિલીપસિંહ ઠાકુર, કમલેશબાપુ અગ્રાવત ખાસ ઉપસ્થિત રહેલ અને સાથે લીલીયા ગોપાલ ગૌશાળાની ટીમ તેમજ ડો. કુંભાણી, લીલીયા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ પરિન સોની, ઘનશ્યામ બારૈયા, તાલુકા પંચાયત સદસ્ય ઘનશ્યામભાઈ મેઘાણી, ધર્મેશ ગાયજન સહિત લીલીયાની ધર્મપ્રેમી જનતા ઉપસ્થિત રહેલ. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

---

## ૯૯.૯૦ પી.આર. મેળવીને ગૌરવ વધાર્યુ

# અમરેલીની ગજેરા સ્કુલમાં ધો. ૧૨ બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીની નિષ્ઠા વ્યાસ અગ્રેસર

**સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા થયું સન્માન**




અમરેલી, તા. ૨૦

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા ઉ.માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીની વ્યાસ નિષ્ઠાબેન એચ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ૯૯.૯૦ પી.આર. સાથે પ્રથમ સ્થાને ઉતીર્ણ થતાં સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાનાં વરદ હસ્તે રોકડ પુરસ્કાર અને મેડલ અર્પણ કરી તેનું સન્માન કરવામાં આવ્યું હતું.

વિશેષ જણાવવાનું કે શાળામાં એ–૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની ૧૦૦% ફી માફી આપવામાં આવે છે. તેમજ એ–૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી સ્કોલરશીપ આપવામાં આવે છે, જેનો લાભ અનેક વિદ્યાર્થીઓ લઈ રહ્યાં છે. તે ઉપરાંત નિરાધાર બાળકોને ફી માફી આપીને શ્રેષ્ઠ ગુણવત્તાયુકત શિક્ષણ આપી ઉત્તમ પરિણામ મેળવવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. ઉજજવળ કારકિર્દીનાં ઘડતર માટે યોગ્ય શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. બાળકોનાં સર્વાંગી વિકાસ માટે પ્રમુખ સતત ચિંતા કરે છે અને માર્ગદર્શ આપતા રહે છે. વિદ્યાર્થીઓ શારીરિક, માનસિક અને બૌધ્ધિક ક્ષેત્રે આગળ વધે તેની હંમેશા કાળજી લેવામાં આવે છે. આ સન્માન પ્રસંગે મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી, આચાર્ય અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યાં હતા.

---

## સાવરકુંડલા મુસ્લિમ સમાજ દ્વારા સન્માન

# રાજુલા : મહેબુબભાઈ જોખીયા હજજની મુબારક સફરે જશે



રાજુલા, તા. ૨૦

રાજુલા ના મુસ્લિમ સમાજના પૂર્વ પ્રમુખ અને વેપારી આગેવાન મેહેબૂબભાઈ જોખીયા હજજની મુબારક સફરે જતા તેઓનું સાવરકુંડલા મુસ્લિમ સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

વિશ્વાસ પેટ્રોલપંપના માલિક અને રાજુલા સમસ્ત મુસ્લિમ સમાજના પૂર્વ પ્રમુખ અને વેપારી આગેવાન મહેબૂબભાઈ ખાલકભાઈ જોખીયા અને તેમના પત્ની હજજની મુબારક સફરે જતા તેઓનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માઈનોરેટી ડિપાર્ટમેન્ટના મહામંત્રી ઈકબાલ ગોરી, વીટીવી જિલ્લા રિપોર્ટર દિલીપભાઈ જીરૂકા, સાવરકુંડલા સુન્ની મુસ્લિમ જમાતના પૂર્વ પ્રમુખ ઈરફાનભાઈ કુરેશી, નાગરિક બેન્કના પૂર્વ ડિરેકટર ઉસ્માનભાઈ પઠાણ, સંધિ જમાતના પ્રમુખ અલીભાઈ જાખરા વિગેરે એ ફુલહારથી સન્માન કરેલ અને મહેબૂબભાઈ જોખીયા અને તેમની પત્નીની હજજ અલ્લાહ તાલ્લાહ કાબુલ મંજુર ફરમાવે તેવી દુઆ કરવામાં આવી હતી.

## સમસ્ત સુવાળીયા ઠાકોર સમાજ અને વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા


# બાબરા ખાતે પૂ. વેલનાથબાપુનાં પ્રાગટ્ય મહોત્સવની આસ્થાભેર ઉજવણી

**પૂ. વેલનાથબાપુની ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા શહેરનાં રાજમાર્ગો પર નીકળી**

**પૂજા, અર્ચના, મહાઆરતી, મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાયા**

**મોટી સંખ્યામાં ધાર્મિકજનોએ વિવિધ કાર્યક્રમોમાં જોડાઈને ધન્યતા અનુભવી**

**ધાર્મિક મહોત્સવને સફળ બનાવવા સમાજનાં પ્રમુખ સુરેશભાઈ ધાખડા અને દિનેશભાઈ ડાભીનાં નેતૃત્વમાં યુવાનોએ જહેમત ઉઠાવી**




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૦

બાબરામાં ગિરનારી સંત પૂજય વેલનાથબાપુના પ્રાગટય મહોત્સવની ભવ્ય અને દિવ્ય ઉજવણી દર વર્ષે સુવાળીયા ઠાકોર સમાજ અને વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા કરવામાં આવે છે. પૂજય વેલનાથબાપુનું પૂજન, અર્ચન, મહાઆરતી, શોભાયાત્રા અને મહાપ્રસાદ સહિતના ભવ્ય કાર્યક્રમો યોજાય છે. જેમાં બાબરા અમરાપરા સહિત તાલુકાના સુવાળીયા ઠાકોર સમાજના લોકો મોટી સંખ્યામાં હર્ષોલ્લાસ સાથે જોડાય છે. સમગ્ર શોભાયાત્રા અને કાર્યક્રમ દરમિયાન બાબરા પોલીસ દ્વારા બંદોબસ્ત જાળવવામાં આવે છે.

અહીં ચિતલ રોડપર આવેલ પૂજય વેલનાથબાપુના મંદિરે વહેલી સવારે પૂજન, અર્ચન અને મહાઆરતી કરવામાં આવે છે તેમજ ત્યાંથી પૂજય વેલનાથબાપાની ભવ્ય અને વિશાલ શોભાયાત્રા પ્રસ્થાન થઈ સમગ્ર શહેરના રાજમાર્ગોમાં ફરે છે જેમાં મોટી સંખ્યામાં સુવાળીયા ઠાકોર સમાજના લોકો જોડાય છે. પૂજય વેલનાથબાપુની દિવ્ય શોભાયાત્રા બપોરે નિજ મંદિરે પરત ફરી હતી અને અહીં આયોજિત મહાપ્રસાદ સહિતના અન્ય ધાર્મિક કાર્યક્રમમાં લોકો જોડાયા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સુવાળીયા ઠાકોર સમાજના પ્રમુખ સુરેશભાઈ ધાખડા અને વેલનાથ પ્રગતિ મંડળના પ્રમુખ દિનેશભાઈ ડાભીના નેતૃત્વમાં સમાજના યુવાનો દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

પૂજય વેલનાથબાપુની શોભાયાત્રા દરમિયાન સમગ્ર રૂટ પર બાબરા પોલીસના પીઆઈ આર.ડી. ચૌધરી, ટાઉન જમાદાર કેતનભાઈ રાઠોડ, એઆરબી જમાદાર મહેન્દ્ર ભટ્ટ, બાબુભાઈ પરમાર સહિત પોલીસનાં સ્ટાફ દ્વારા પૂરતો બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો.

# ગાધકડા ખાતે વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરાયું

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા તાલુકાના ગાધકડા મુકામે શ્રી આશાપુરા મંદિર ટ્રસ્ટ દ્વારા વિધાર્થીઓને નોટબુક વતરણ કરવામાં આવ્યું હતું. ગાધકડા પે સેન્ટર શાળા, પ્લોટ પ્રાથમિક શાળ ા, હાઈસ્કૂલ, કલ્યાણપુર શાળા, અને ગણેશગઢ શાળા એમ ધોરણ ૧ થી ૧૦ સુધીના કુલ ૮૫૦ જેવા વિધાર્થીઓને વિષય વાઈજ ૫૦૦૦ જેટલી નોટબુક દર વર્ષે વિતરણ કરવામાં આવે છે તયારે આ કાર્યક્રમમાં શ્રી રમેશભાઈ ધામી, બીપીનભાઈ ધામી, પ્રકાશભાઈ, મુકુંદદાદા જાની, ભાસ્કરદાદા જાની, તાલુકા પંચાયત સભય જીતુભાઈ કાછડીયા, કકુભાઈ હિરાણી, મંદિર સ્ટાફ, દરેક શાળાના આચાર્યો, શાળા સ્ટાફ અને વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન વિધાર્થીઓમાં નવી હર્ષની લાગણી જોવા મળી હતી. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.



# જાફરાબાદ : ખારવા સમાજનાં બારૈયા પરિવારનાં કુળદેવીને નૈવેધનું આયોજન



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ



જાફરાબાદ, તા. ૨૦

જાફરાબાદ ખારવા સમાજના બારૈયા પરિવારના કુળદેવી શ્રી ચામુંડા માતાના મંદિરે વર્ષો જૂની અમારા વડીલો વખતની પરંપરા મુજબ નિવૈધનું આયોજન આવ્યું હતું.

આ તકે બહેનો–ભાઈઓ અને નાના નાના બાળકો પણ મોટી સંખ્યામાં દર્શન કરવા માટે લોકો ઉમટી પડયા હતા અને બપોર બાદ સમસ્ત બારૈયા પરિવાર વતી એક મોટું એવું યજ્ઞનું પણ આયોજન કરેલું છે જેથી કરી યજ્ઞો પૂરો થયા બાદ સાંજે સૌ ભાવીભકતો એ સમસ્ત બારૈયા પરિવાર વતી માં ચામુંડાનો પ્રસાદ લેવા પણ બારૈયા પરિવારના તમામ ભાઈઓ અને બહેનો અને નાના ભૂલકાઓ પણ પધાર્યા હતા.

## યોગ દિવસ

જૂન માસ આવ્યો ને યોગ દિવસ લાવ્યો
ભાઈઓ–બહેનો સૌ યોગ કરી લઈએ
૨૧ જૂન આવે સૌ યોગ દિવસ મનાવે
ભાઈઓ–બહેનો સૌ યોગ કરી લઈએ
શરીર સુડોળ રાખે જે આસનો કરી નાખે
ભાઈ–બહેનો સૌ યોગ કરી લઈએ
મનને મજબુત રાખે જે પ્રાણાયામ કરી નાખે
ભાઈઓ બહેનો સૌ યોગ કરી લઈએ
અંગોને ખડતલ રાખે અંગ પરિભ્રમણ કરી નાખે
ભાઈઓ–બહેનો સૌ યોગ કરી લઈએ
સર્વાંગી વિકાસ થાયે જે મુદ્રા કરી નાખે
ભાઈઓ–બહેનો સૌ યોગ કરી લઈએ.

– નીલાબેન સેજપાલ
ખાંભા કુમારશાળા


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯/૨૩૧૯૫૫

પ્રવેશની ઉત્તમ તક...

ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮

www.mdscollege.org

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ – ૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી – ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪
















### પૂર્વોત્તર રાજ્ય આસામ મુશળધાર વરસાદ અને પૂરની ગંભીર સ્થિતિ

# આસામમાં ભારે પૂરથી ૧૫ જિલ્લાના ૮૦ હજાર લોકોને અસર

## હવામાન વિભાગે આસામમાં રેડ એલર્ટ જારી કર્યું છે અને આગામી ૫ દિવસ સુધી રાજ્યનાં અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી

ગુવાહાટી, તા.૨૦

પૂર્વોત્તર રાજ્ય આસામ મુશળધાર વરસાદ અને પૂરના કારણે ગંભીર સ્થિતિનો સામનો કરી રહ્યું છે. પૂરના કારણે રાજ્યના ઘણા ભાગોમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે.

આસામ રાજ્યના ૧૦ જિલ્લામાં લગભગ ૩૧ હજાર લોકો જળમગ્ન વિસ્તારમાં રહેવા મજબુર બન્યા છે. પૂરના કારણે આજે પણ સ્થિતિ ગંભીર છે અને વહિવટીતંત્ર પણ રાહત અને બચાવ કાર્યમાં પૂરજોશમાં લાગી ગયું છે. ભારતીય હવામાન વિભાગે આસામમાં રેડ એલર્ટ જારી કર્યું છે અને આગામી ૫ દિવસ સુધી રાજ્યનાં અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. પૂરના પ્રકોપનો સામનો કરી રહેલા ૧૫ જિલ્લાઓમાં લગભગ ૮૦ હજાર લોકો અસરગ્રસ્ત થયા છે. ગુવાહાટીમાં આવેલા આઈએમડીનાં પ્રાદેશિક હવામાન કેન્દ્રએ 'વિશેષ હવામાન બુલેટીન'માં સોમવારથી ૨૪ કલાક માટેનું રેડ એલર્ટ જારી કર્યું છે, ત્યારબાદ આગામી ૨ દિવસ સુધી ઓરેન્જ એલર્ટ અને ગુરુવાર માટે યલ્લો એલર્ટ જારી કર્યું છે. રેડ એલર્ટમાં તુરંત કાર્યવાહીની જરૂર પડે છે. જ્યારે ઓરેન્જ એલર્ટ દરમિયાન કાર્યવાહી માટે તૈયાર રહેવા અને યલ્લો એલર્ટ એટલે સ્થિતિ પર નજર રાખવા માટે હોય છે.

આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના પૂર રિપોર્ટ મુજબ ચિરાંગ, દર્રાંગ, ધેમાજી, ધુબરી, ડિબ્રૂગઢ, કોકરાઝાર, લખીમપુર, નલબાડી, સોનિતપુર અને ઉદલગુડી જિલ્લામાં પૂરના કારણે ૩૦૭૦૦થી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. સૌથી દયનીય સ્થિતિ લખીમપુરની છે. અહીં ૨૨ હજારથી વધુ લોકો મુશ્કેલીમાં મુકાયા છે.રાજ્યનું વહિવટીતંત્ર હાલ ૭ જિલ્લામાં ૨૫ રાહત વિતરણ કેન્દ્ર ચલાવી રહ્યું છે, જોકે હજુ સુધી કોઈ રાહત શિબિર શરૂ કરાઈ નથી. એએસડીએમએએ કહ્યું કે, હાલ રાજ્યમાં ૪૪૪ ગામો જળમગ્ન છે અને ૪,૭૪૧.૨૩ હેક્ટર જમીનમાં ફેલાયેલો પાક નષ્ટ થઈ ગયો છે, તો ઘણા જિલ્લાઓમાં મોટાપાયે માટીનું ધોવાણ થયું છે. દીમા હસાઓ, ભારે વરસાદના કારણે કામરૂપ મહાનગર અને કરીમગંજમાં કેટલાક સ્થળોએ ભુસ્ખલનની ઘટના સામે આવી છે

### મુંબઈ-અમદાવાદ રૂટ પર બૂલેટ ટ્રેનનું કામ ઝડપથી ચાલી રહ્યું છે

# નવી દિલ્હી, ચેન્નાઈ અને કોલકાતામાં બુલેટ ટ્રેનની કનેક્ટિવિટી મળશે

## આરવીએનએલએ નવી દિલ્હીથી કોલકાતા, નવી દિલ્હીથી મુંબઈ, મુંબઈથી ચેન્નાઈ સુધીના ટ્રેક પર હાઈ-સ્પીડ કોરિડોરની જરૂરિયાત વ્યક્ત કરી

નવી દિલ્હી, તા.૨૦

મુંબઈથી અમદાવાદ રૂટ પર હાઈ સ્પીડ રેલ કોરિડોર (બુલેટ ટ્રેન)નું કામ હાલમાં ઝડપથી ચાલી રહ્યું છે. તેનું કામ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની આશા છે. દેશમાં બુલેટ ટ્રેનની શરૂઆતને લઈને લોકોમાં ભારે ઉત્સુકતા છે.

હવે રેલવે મંત્રાલયે એવી માહિતી આપી છે કે મુંબઈથી અમદાવાદ ઉપરાંત દેશના ત્રણ મોટા શહેરોને પણ બુલેટ ટ્રેન કનેક્ટિવિટીથી જોડવામાં આવશે. આવનારા સમયમાં દેશના નવી દિલ્હી, ચેન્નાઈ અને કોલકાતામાં બુલેટ ટ્રેનની કનેક્ટિવિટી હશે.

તાજેતરમાં એક કાર્યક્રમમાં રેલ વિકાસ નિગમ લિમિટેડ (આરવીએનએલ)ના ઓપરેશન ડાયરેક્ટર રાજેશ પ્રસાદે જણાવ્યું હતું કે આરવીએનએલએ નવી દિલ્હીથી કોલકાતા, નવી દિલ્હીથી મુંબઈ, મુંબઈથી ચેન્નાઈ સુધીના ટ્રેક પર હાઈ-સ્પીડ કોરિડોરની જરૂરિયાત વ્યક્ત કરી છે.

તેમણે કહ્યું હતું કે જો તમે હાઈ-સ્પીડ કોરિડોરનું ભવિષ્ય જોવા માંગતા હો તો અમારી પાસે ચાર મોટા મેગા સિટી છે જેમ કે નવી દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને કોલકાતા. તેથી આવનારા સમયમાં અમે ચારેય રૂટ પર હાઈ-સ્પીડ કોરિડોર બનાવવા જઈ રહ્યા છીએ. તેમણે જણાવ્યું હતું કે ચારેય રૂટ પર હાઈ-સ્પીડ કોરિડોર માટે યોજનાઓ તૈયાર થઈ ચૂકી છે. એના ફાયનાન્સિંગની પણ ચર્ચા થઈ ગઈ છે.

સરકારે હાઈ સ્પીડ ટ્રેનોના ડાયમંડ ચતુર્ભુજ નેટવર્ક માટે સંભવિતતાનો અભ્યાસ હાથ ધર્યો હતો. જેમાં દિલ્હી-મુંબઈ, મુંબઈ-ચેન્નઈ, ચેન્નાઈ-કોલકાતા અને કોલકાતા-દિલ્હીને દિલ્હી-ચેન્નઈ અને મુંબઈ-કોલકાતા સાથે જોડતા રૂટ પર વાતચીત થઈ હતી. પ્રસાદે એમ પણ કહ્યું હતું કે મુંબઈથી અમદાવાદનો રૂટ આગામી પાંચથી દસ વર્ષમાં શરૂ થવાની ધારણા છે.

ગત દિવસોમાં એક કાર્યક્રમ દરમિયાન રેલવે પ્રધાને એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે બુલેટ ટ્રેનના ભાડા અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. પરંતુ તે લોકો માટે સુલભ હશે. તેમણે કહ્યું હતું કે બુલેટ ટ્રેનના ભાડા માટે ફર્સ્ટ એસીને આધાર બનાવવામાં આવશે. આના પરથી અંદાજ લગાવી શકાય છે કે બુલેટ ટ્રેનમાં મુસાફરીનું ભાડું ફર્સ્ટ એસી આસપાસ હશે.

### આદિપુરૂષ ફિલ્મની વધતી મુશ્કેલી

# આદિપુરૂષ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવા મોદીને પત્ર લખી માગણી

## ઈન્ડિયન સિને વર્કર્સ એસોસિએશને આ ફિલ્મની પટકથા અને ડાયલોગ સ્પષ્ટપણે ભગવાન રામ અને ભગવાન હનુમાનની છબીને બદનામ કરી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો

નવી દિલ્હી, તા.૨૦

પ્રભાસ અને કૃતિ સેનન અભિનીત ફિલ્મ આદિપુરુષ જ્યારથી રિલીઝ થઈ ત્યારથી જ વિવાદોમાં ઘેરાયેલી છે. ફિલ્મની તેના નબળા વીએફએક્સ અને ખરાબ ડાયલોગ માટે ટીકા થઈ રહી છે. હવે આ મામલે ઓલ ઈન્ડિયન સિને વર્કર્સ એસોસિએશને પીએમ નરેન્દ્ર મોદીને પત્ર લખીને આદિપુરુષ ફિલ્મ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે.

એઆઈસીડબલ્યુએએ પત્રમાં આદિપુરુષ ફિલ્મના સ્ક્રીનિંગ પર પ્રતિબંધની માંગ કરી છે અને કહ્યું હતું કે આ ફિલ્મની પટકથા અને ડાયલોગ સ્પષ્ટપણે ભગવાન રામ અને ભગવાન હનુમાનની છબીને બદનામ કરી રહ્યા છે. આદિપુરુષ ફિલ્મ હિન્દુઓ અને સનાતનની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડી રહી છે. પ્રભુ રામ એ ભારતમાં દરેક વ્યક્તિ માટે ભગવાન છે, પછી ભલે તે ગમે તે ધાર્મિક આસ્થામાંથી ધરાવતા હોય. આ ફિલ્મમાં ભગવાન રામ અને રાવણન પાત્રને એક વિડિયો ગેમના પાત્ર જેવા દેખાડાવામાં આવ્યા છે, જેના ડાયલોગ દેશ વિદેશમાં વસતા ભારતીયને દુઃખ પહોંચાડે છે.

તેઓ આગળ જણાવે છે કે અમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિનંતી કરીએ છીએ કે તેઓ આ ફિલ્મનું સ્ક્રીનિંગ રોકવા અને ભવિષ્યમાં થિયેટર અને ઓટીટી પ્લેટફોર્મ પર આદિપુરુષ સ્ક્રીનિંગ પર તાત્કાલિક પ્રતિબંધ મુકવાનો આદેશ આપે.

અમારે ડિરેક્ટર, લેખક અને ફિલ્મના નિર્માતા સામે એફઆઈઆરની જરૂર છે. જેમણે હિંદુ ભાવનાઓને ઠેસ પહોંચાડી છે અને આપણા ભગવાન શ્રી રામ, મા સીતા અને રામસેવક ભગવાન હનુમાનની છબી બચાવી છે. અભિનેતા પ્રભાસ, કૃતિ સેનન અને સૈફ અલી ખાને ભારતીય સિનેમાના ઈતિહાસમાં બનેલી આવી અપમાનજનક ફિલ્મનો ભાગ ન હોવા જોઈતા હતા. આદિપુરુષ ફિલ્મ લગભગ રપિયા ૫૦૦થી ૬૦૦ કરોડના બજેટમાં બનાવવામાં આવી છે અને આ ફિલ્મ અત્યાર સુધીમાં વિશ્વભરના બોક્સ ઓફિસ પરથી રુપિયા ૩૦૦ કરોડના આંકડાને પાર કરી ચૂકી છે. સોમવારે ફિલ્મની ખરાબ છબીને કારણે બોક્સ ઓફિસની કમાણીમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો અને માત્ર રુપિયા ૨૦ કરોડ જ એકત્ર કરી શકી હતી.

### વડાપ્રધાન અમેરિકા જવા રવાના થયા

# અમેરિકા સાથેના સબંધ મજબૂત બન્યા, વધુ મજબૂત બનશે : મોદી

## ચીન સાથેના ભારતના સીમા વિવાદ અંગે તેમણે કહ્યું કે ચીન સાથે સામાન્ય દ્વિપક્ષીય સંબંધો માટે સરહદ પર શાંતિ હોવી જરૂરી છે

નવી દિલ્હી, તા.૨૦

વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમની પ્રથમ રાજ્ય મુલાકાતે અમેરિકા જવા રવાના થઈ ગયા છે અને તેઓ આજે રાત્રે ન્યુયોર્ક પહોંચી જશે. પીએમ મોદીએ અમેરિકા પહોંચતા પહેલાં જ એક અમેરિકન અખબારને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે અમેરિકા સાથેના સંબંધો હવે વધુ મજબૂત બન્યા છે, અને ભવિષ્યમાં હજી વધુ મજબુત બનશે.

જ્યારે પાડોશી દેશ ચીન સાથેના સંબંધો બાબતે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે ચીન સાથેના દ્વિપક્ષીય સંબંધો માટે સરહદ પર શાંતિ જરૂરી છે. વિવાદનો શાંતિપૂર્ણ રીતે ઉકેલવો જોઈએ. ચીન સાથેના ભારતના સીમા વિવાદ અંગે તેમણે એવું કહ્યું હતું કે ચીન સાથે સામાન્ય દ્વિપક્ષીય સંબંધો માટે સરહદ પર શાંતિ હોવી જરૂરી છે.

અમે હંમેશાથી જ સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવામાં, કાયદાના શાસનનું પાલન કરવામાં અને વિવાદો અને મતભેદોને શાંતિપૂર્ણ માધ્યમથી ઉકેલવામાં વિશ્વાસ રાખીએ છીએ. ભારત તેની સાર્વભૌમત્વ અને સન્માનની રક્ષા માટે સંપૂર્ણપણે તૈયાર અને કટીબદ્ધ છે.

તેમણે વધુમાં એવું પણ ઉમેર્યું હતું કે, “દુનિયાના તમામ દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદા અને અન્ય દેશોની સાર્વભૌમત્વનું સન્માન કરવું જોઈએ. કોઈપણ પ્રકારના વિવાદનો ઉકેલ યુદ્ધ દ્વારા કે યુદ્ધમાં વિજય મેળવીને લાવવાને બદલે “મુત્સદ્દીગીરી અને સંવાદ” દ્વારા લાવવો જોઈએ.

નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચેના ઉષ્માભર્યા સંબંધો અંગે પીએમ મોદીએ એવું કહ્યું કે બંને દેશો વચ્ચેના સંબંધો પહેલા કરતા વધારે મજબૂત અને ગાઢ બન્યા છે, કારણ કે વૈશ્વિક ઉથલપાથલ વચ્ચે ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનું યોગ્ય સ્થાન સુરક્ષિત કરવાની દિશામાં આગળ ધપી રહ્યું છે. ભારત અને અમેરિકાના નેતાઓ વચ્ચે એક અદ્ભુત વિશ્વાસની સ્થિતિ જોવા મળી રહી છે.

પીએમ મોદીએ અમેરિકન મીડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે બંને દેશો વચ્ચે વધતો સંરક્ષણ સહયોગ અમારી ભાગીદારીનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. માત્ર એટલું જ નહીં આ સંબંધ પણ વેપાર, ટેકનોલોજી અને ઉર્જા સુધી વિસ્તરી રહ્યો છે.

વોશિંગ્ટનની પ્રથમ રાજ્ય મુલાકાતે ગયેલા પીએમ મોદીએ કહ્યું કે ભારત પણ અહીં તેની વિવિધતાની ઉજવણી કરે છે. મોદીએ કહ્યું કે, “હજારો વર્ષોથી, ભારત એવી ભૂમિ છે જ્યાં તમામ ધર્મો અને માન્યતાઓના લોકો શાંતિથી રહે છે અને સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે. તમને અહીં દુનિયાના દરેક ધર્મના લોકો જોવા મળશે જે એકબીજા સાથે સુમેળ સધીને એક સાથે હસી ખુશીથી વસવાટ કરે છે.

### ભારતીય શેરબજારમાં મંગળવારે જબરદસ્ત ઉતાર-ચઢાવ

# સેન્સેક્સમાં ૧૫૯ અને નિફ્ટીમાં ૭૮ પોઈન્ટનો ઊછાળો જોવા મળ્યો

મુંબઈ, તા.૨૦

ભારતીય શેરબજારમાં મંગળવારે જબરદસ્ત ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. શરૂઆતના સત્રમાં સેન્સેક્સ, નિફ્ટીમાં ઘણા બ્રેકડાઉન જોવા મળ્યા હતા, પરંતુ જેમ જેમ કારોબાર આગળ વધતો ગયો તેમ તેમ બજારમાં રિકવરી જોવા મળી. બીએસઈસેન્સેક્સ આજે ૧૫૯.૪૦ પોઈન્ટ એટલે કે ૦.૨૫ ટકાના વધારા સાથે ૬૩,૩૨૭.૭૦ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૭૭.૯૦ પોઈન્ટ્સ અથવા ૦.૪૨%ના વધારા સાથે ૧૮,૮૩૩.૩૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો.

આજે તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાન સાથે બંધ થયા છે. પાવર ઈન્ડેક્સ એક ટકાના વધારા સાથે બંધ થયો હતો. તે જ સમયે, ઓટો, રિયલ એસ્ટેટ, મેટલ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ઈન્ડેક્સ ૦.૫-૦.૫ ટકાના વધારા સાથે બંધ થયા છે.

ટાટા મોટર્સના શેરનો ભાવ સેન્સેક્સમાં સૌથી મોટા ઉછાળા સાથે બંધ રહ્યો હતો. કંપનીનો શેર ત્રણ ટકાથી વધુના ઉછાળા સાથે બંધ થયો હતો. દિવસના ટ્રેડિંગ દરમિયાન, કંપનીનો શેર એક સમયે ૫૮૩.૯૫ રૂપિયાના સ્તરે પહોંચ્યો હતો. આ આ સ્ટોકની ૫૨-સપ્તાહની ઊંચી (ટાટા મોટર્સ ૫૨-અઠવાડિયાની ઊંચી) છે. આ સિવાય પાવરગ્રીડ, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, એનટીપીસી, લાર્સન એન્ડ ટુબ્રોના શેર એક ટકાથી વધુના વધારા સાથે બંધ થયા હતા.

આ સિવાય એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા બેંક, વિપ્રો, નેસ્લે ઈન્ડિયા, ઈન્ફોસીસ, ટીસીએસ, ભારતી એરટેલ, આઈસીઆઈસીઆઈબેંક (આઈસીઆઈસીઆઈ બેંકના શેર), રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક, ટાટા સ્ટીલ, ટાઈટન અને એચડીએફસી ઉછાળા સાથે બંધ થયા છે.

બજાજ ફાઈનાન્સ, બજાજ ફિનસર્વ, સન ફાર્મા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, અલ્ટ્રાટેક સિમેન્ટ, ઈન્ડસઈન્ડ બેંક અને એસબીઆઈના શેર સેન્સેક્સ પર લાલ માર્ક સાથે બંધ થયા હતા.

### મહારાષ્ટ્રમાં શિવસેનાના બે જૂથ વચ્ચેનું વાક્ યુધ્ધ તેજ બન્યું

# ૨૦ જૂનને 'વિશ્વ ગદ્દાર દિવસ' તરીકે માન્યતા આપવા સંજય રાઉતની માગ

મુંબઈ, તા.૨૦

મહારાષ્ટ્રમાં શિવસેનાના બે જૂથો બન્યા બાદ રાજ્યનું રાજકારણ ગરમાયું છે. શિવસેના (ઉદ્ધવ બાલાસાહેબ ઠાકરે) અને બીજેપી-શિવસેના (શિંદે જૂથ) વચ્ચે વાક યુદ્ધ સતત તેજ બની રહ્યું છે. ઉદ્ધ જૂથના નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે સંયુક્ત રાષ્ટ્ર સામે અજીબ માંગ રાખી છે. સંજય રાઉતે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસને પત્ર લખ્યો છે. સંજય રાઉતે યુએનને લખેલા પત્રમાં કહ્યું છે કે, ૨૦ જૂનને 'વિશ્વ ગદ્દાર દિવસ' તરીકે માન્યતા આપવી જોઈએ. રાઉતે કહ્યું કે જે રીતે ૨૧ જૂને વિશ્વ યોગ દિવસ મનાવવામાં આવે છે તેવી જ રીતે ૨૦ જૂનને 'વિશ્વ ગદ્દાર દિવસ' તરીકે ઉજવવો જોઈએ.

શિવસેના સાંસદે પોતાના પત્રમાં લખ્યું કે, હું ૨૦ જૂનને વિશ્વ ગદ્દાર દિવસ તરીકે ઉજવવાની અપીલ સાથે આ પત્ર લખી રહ્યો છું. મારી પાર્ટી શિવસેના (યુબીટી)નું નેતૃત્વ ઉદ્ધવ ઠાકરે કરે છે અને તેઓ મહારાષ્ટ્રના સીએમ રહી ચૂક્યા છે.સંજય રાઉતે આગળ લખ્યું કે- '૨૦ જૂન ૨૦૨૨ના રોજ બીજેપીના ખોળે બેસી એકનાથ શિંદેએ અમારા ૪૦ ધારાસભ્યોને લઈને પાર્ટી સાથે બળવો કર્યો હતો. ત્યારે દરેકને ૫૦-૫૦ કરોડ રૂપિયા મળ્યા હતા. બીજેપીએ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ વાળી મહાવિકાસ અઘાડીની સરકારને પાડવા માટે પોતાના સમગ્ર બળનો ઉપયોગ કર્યો હતો. એકનાથ શિંદેના નેતૃત્વમાં ૪૦ ધારાસભ્યોએ અમારી પીઠ પાછળ વાર કર્યો હતો. તેમની સાથે ૧૦ અપક્ષ ધારાસભ્યો પણ હતા.'

આ અગાઉ ૧૯ જૂને શિવસેનાનો ૫૭મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો. સ્થાપના દિવસ નિમિત્તે એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરે જૂથે અલગ-અલગ સ્થળોએ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. શિવસેનામાં વિભાજન બાદ પાર્ટીનું નામ અને પ્રતીક 'તીર-ધનુષ' શિંદે જૂથને ફાળવવામાં આવ્યું હતું. બીજી તરફ ઉદ્ધવ ઠાકરે જૂથનું નામ શિવસેના (યુબીટી) રાખવામાં આવ્યું હતું.

### બિપરજોય વાવાઝોડા સાથે રાજ્યમાં ચોમાસાની શરૂઆત થઈ

# રાજ્યમાં માત્ર સપ્તાહમાં જ સિઝનનો ૧૯ ટકા, કચ્છ-સૌરાષ્ટ્રમાં ૩૯ ટકા વરસાદ

## રાજ્યમાં આગામી પાંચ દિવસ સુધી કેટલાક ક્ષેત્રોમાં હળવો વરસાદ પડી શકે છે, જો કે, ધોધમારની કોઈ શક્યતા નથી

અમદાવાદ, તા.૨૦

૧૫મી જૂને ગુજરાતના દરિયાકિનારે બિપોરજોય વાવાઝોડું (ચક્રવાત બિપરજોય) ત્રાટક્યું હતું અને આ સાથે રાજ્યમાં ચોમાસાની શરૂઆત થઈ છે. ૧૧થી ૧૮ જૂન તેમ માત્ર એક અઠવાડિયામાં ગુજરાતમાં સીઝનનો ૧૯ ટકા જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં ૩૯ ટકા વરસાદ નોંધાયો હતો.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) ગુજરાતના હેડ મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, 'અત્યંત તીવ્ર ચક્રવાતી વાવાઝોડું બિપોરજોય લેન્ડફોલ પહેલા, તે દરિયમાન અને બાદમાં ખાસ કરીને કચ્છ, દેવભૂમિ દ્વારકા, પાટણ અને જામનગર જેવા ક્ષેત્રોમાં વરસાદ લઈને આવ્યું હતું. સોમવાર સુધીમાં રાજ્યમાં ૧૮.૭ ટકા વરસાદ થયો છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છ ક્ષેત્રમાં ૩૮.૮ ટકા મોસમી વરસાદ થયો છે. લેન્ડફોલ બાદ ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં વરસાદ યથાવત્ છે'.

મનોરમા મોહંતીએ ઉમેર્યું હતું કે, 'ગુજરાત તરફ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગળ વધવાની રાહ જોવાઈ રહી છે. સોમવારે દક્ષિણ પશ્ચિમ ચોમાસાએ દક્ષિણ ભારતના કેટલાક વધુ ભાગોને આવરી લીધા હતા. તેની ઉત્તરીય સીમા દક્ષિણ મહારાષ્ટ્ર સુધી પહોંચી ગઈ છે'. આ ક્ષેત્રો માટે રોલ રિવર્સલ છે. આઈએમડીના ડેટા દર્શાવે છે કે, દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં વરસાદની અછત છે, જ્યારે કચ્છ અને સૌરાષ્ટ્રના મોટાભાગના ભાગોમાં અતિશય વરસાદ થયો છે. સામાન્ય રીતે, ચોમાસુ દક્ષિણ ગુજરાતથી પ્રવેશે અને બાદમાં ધીમે-ધીમે આખા રાજ્યને આવરે છે. દક્ષિણ ગુજરાતમાં પણ પરંપરાગત રીતે સૌથી વધુ વરસાદ પડે છે.

રાજ્યના જળ સંસાધન વિભાગના જણાવ્યા અનુસાર, વ્યાપક વરસાદના કારણે કચ્છના ડેમ અને જળાશયોમાં પાણીનું સ્તર ૨૦ ટકા વધ્યું છે. અત્યારસુધીમાં ચાર ડેમ ઓવરફ્લો થયા છે જ્યારે છે ડેમ તેની ક્ષમતાના ૮૦ ટકા કરતા વધુ ભરાઈ ગયા છે, તેમ વિભાગના અધિકારીઓએ ઉમેર્યું હતું.

નિષ્ણાતોએ સૂચવ્યૂ હતું કે, ચક્રવાતના વર્ષોમાં સામાન્ય રીતે જુલાઈની શરૂઆતમાં ઓછો વરસાદ થતો હોય છે અને જુલાઈના અંત અથવા ઓગસ્ટની શરૂઆતમાં ચોમાસુ પીક પર પહોંચે છે. ઓગસ્ટ સામાન્ય રીતે સૌથી વધારે વરસાદ સાથે ચોમાસાનો મહિનો રહ્યો છે. ૨૦૨૦ અને ૨૦૨૧ તેમ બંને વર્ષમાં ગુજરાતના દરિયાકાંઠે ત્રાટકેલા વાવાઝોડાના કારણે ચોમાસાની સારી શરૂઆત બાદ જુલાઈમાં વરસાદ સામાન્યથી ઓછો રહ્યો હતો, તેમ આંકડા દર્શાવે છે. ચક્રવાત બિપોરજોયના કારણે ગુજરાતના કેટલાક જિલ્લામાં તીવ્ર પવન સાથે અતિભારે વરસાદ પડ્યો હતો, જેનાથી વ્યાપક નુકસાન થયું હતું. ચક્રવાતનું લેન્ડફોલ જખૌ નજીક થયું હોવાથી કચ્છ સૌથી વધારે પ્રભાવિત થયું હતું. હજી પણ ઘણા બધા ગામડા ચક્રવાતની અસર હેઠળ ઝઝૂમી રહ્યા છે. રાજ્ય સરકાર અને એનજીઓ દ્વારા કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં રાહત કાર્ય ચાલી રહ્યું છે, જ્યાં ઘણા લોકોએ પોતાના ઘર અને આજીવિકા ગુમાવી છે.

હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, મંગળવારે અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રીની આસપાસ રહ્યું. આ સિવાય ગુજરાત પર વરસાદની કોઈ સિસ્ટમ બની રહી નથી. અત્યારસુધીમાં જે પણ વરસાદ પડ્યો તે બિપોરજોયના કારણે પડ્યો છે. રાજ્યમાં આગામી પાંચ દિવસ સુધી કેટલાક ક્ષેત્રોમાં હળવો વરસાદ પડી શકે છે. જો કે, ધોધમારની કોઈ શક્યતા નથી. આ સાથે કેટલીક જગ્યાએ ભેજ અને બફારાનું પ્રમાણ વધશે તેમ પણ તેમણે કહ્યું હતું.

### હાર્દિક પટેલની નવી ડંફાશ

# હાર્દિકે પોતાને રૂદ્રાક્ષની માળા, તલવાર અને કટાર સમો ગણાવ્યો

## ૨૦૨૩ પહેલા જય સરદાર અને જય પાટીદારના નારા લગાવનાર વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે નવી ડંફાશ મારી છે

અમદાવાદ, તા.૨૦

૨૦૨૩ પહેલા જય સરદાર અને જય પાટીદારના નારા લગાવનાર વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે નવી ડંફાશ મારી છે. તેણે પોતાને પીર ફકીર અને અલી અને હનુમાન ગણાવ્યો હતો. હાર્દિકે પોતાને આ ધરતીનું કેન્દ્રબિંદુ ગણાવી કહ્યુ પ્રણામ છું, હું હિંદુ છું. અમદાવાદના વિઠલાપુર ગામના કાર્યક્રમમા હાર્દિકે પોતાને રૂદ્રાક્ષની માળા, તલવાર અને કટાર સમો ગણાવ્યો.

ઉપરાંત પોતેને ભોળા દિલની સરળ વ્યકિત ગણાવી હાર્દિકે વિરોધીઓને ચેતવણી આપી હતી. કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારના ૯ વર્ષ પૂરા થવા પર ગુજરાતમાં અનેક જિલ્લાઓમાં તેની ઉજવણી કરવામાં આવી રહી છે. વિરમગામના ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલે પણ રવિવારે આ ઉજવણીના એક કાર્યક્રમમાં પોતાના મત વિસ્તારમાં હાજર રહ્યા હતા અને માંડલમાં એક હાઈવે તથા મહારાણા પ્રતાપની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. આ સમયે હાર્દિક પટેલે શૌર્ય સંમેલનમાં લોકોને સંબોધન કર્યું હતું, જ્યાં તેમણે 'હું હિન્દુ છુ' નો નારો આપ્યો હતો. જોકે અગાઉ મંચ પરથી કડકડાટ ભાષણ આપનાર હાર્દિકે મંચ પર મોબાઈલમાંથી કવિતા વાંચી સંભળાવી હતી.

હાર્દિક પટેલે સંમેલનમાં લોકોને સંબોધતા કહ્યું, હું રૂદ્રાક્ષની માળામાં છું. હું તલવાર, કટાર અને ભાલામાં પણ છુ, હું શ્વેત છું હું શુદ્ધ પણ છુ. વિરુદ્ધ જશો મારી તો હું યુદ્ધ પણ છુ. ઈતિહાસમાં જોયેલા આસું અને વહેલી રક્તધારા પણ છુ. હું આ ધરતીનું કેન્દ્ર બિંદુ-પ્રાણ હું હિન્દુ છુ. હું સ્મશાનની અગ્નિ, ગંગાનું પાણી, કબ્રની માટી છુ. હું પીર, ફકીર, અલી અને શ્રીરામનો હનુમાન પણ છુ. હું ભોળો છુ, સરળ પણ તમારો મિત્ર પણ છુ. હું લડી પણ લઉં અને તારા માટે મરી પણ જઉં એવી શક્તિ છુ. હું આ ધરતીનું કેન્દ્ર બિંદુ છુ, પ્રણામ હું હિન્દુ છુ. ગુજરાત વિધાનસભા ચૂટંણી વખતે ચૂંટણી પંચને આપેલા સોગંદનામામાં હાર્દિક પટેલ વિશે કેટલીક માહિતી સામે આવી હતી.

જેમાં હાર્દિક પટેલ સામે રાજદ્રોહના બે કેસ સહિત ૨૦ કેસ નોંધાયેલા છે. જ્યારે હાર્દિક પટેલે એફિડેવિટમાં પોતાની કુલ સંપત્તિ ૬૧.૪૮ લાખ દર્શાવી હતી. હાર્દિક પટેલ પર ૨૦ ફોજદારી કેસ પેન્ડિંગ છે. ૨૦૧૫માં જ્યારે હાર્દિક પટેલે પાટીદાર અનામત આંદોલનનું નેતૃત્વ કર્યું ત્યારે તેની સામે આ કેસ નોંધાયા હતા. હાલ વિરમગામના ધારાસભ્ય અને પાટીદાર અનામત આંદોલનના મુખ્ય સૂત્રધાર હાર્દિક પટેલ વિરુદ્ધ ધ્રાંગધ્રા કોર્ટે ફેબ્રુઆરી ૨૦૨૩માં ધરપકડ વોરંટ ઈસ્યૂ કર્યું હતું. ધ્રાંગધ્રાના હરીપર ગામે પાટીદાર અનામત આંદોલન સમયે પાસની સભા દરમિયાન આચાર સંહિતાનો ભંગ થતા તાલુકા પોલીસ મથકે હાર્દિક પટેલ સામે કેસ દાખલ કર્યો હતો.

ધ્રાંગધ્રા પ્રિન્સિપલ સિનિયર સિવિલ કોર્ટમાં કેસની મુદત દરમિયાન હાર્દિક પટેલ હાજર ન રહેતા કોર્ટે ધરપકડ અંગેનું વોરંટ ઈસ્યુ કર્યું હતું. ધ્રાંગધ્રા તાલુકાનાં હરિપર ગામે પાટીદાર અનામત આંદોલન સમયે પાસની સભા યોજાઈ હતી. આ સમયે હાર્દિક પટેલે આચાર સંહિતાનો ભંગ કરતા તાલુકા પોલીસ મથકમાં ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકમાં ધ્રાંગધ્રા પાસના પ્રમુખ કૌશીક પટેલ અને હાર્દિક પટેલ ઉપર કેસ નોંધાયો હતો. આ કેસ ધ્રાંગધ્રા પ્રિન્સિપલ સિનિયર સિવિલ કોર્ટમાં ચાલતો હતો.

### લાખો ભક્તોએ મંગળા આરતીમાં ભાગ લીધો

# જગન્નાથ મંદિરની મંગળા આરતીમાં અમિત શાહ હાજર રહ્યા

## કેન્દ્રીય પ્રધાન દર વર્ષે યાત્રા પહેલાની મંગળા આરતીમાં ભાગ લે છે

અમદાવાદ, તા.૨૦

આજે અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૬મી રથયાત્રા નીકળી જે પહેલા લાખો ભક્તોએ આજે સવારે મંગળા આરતીમાં ભાગ લીધો હતો. આજે અષાઢી બીજના પાવન પર્વે ભગવાન જગન્નાથજી, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી નગરચર્યાએ નીકળી ભક્તોને આશિર્વાદ આપશે. વહેલી સવારે ૪ વાગ્યે જગન્નાથ મંદિરમાં મંગળા આરતી યોજાઈ. જેમાં ગૃહપ્રધાન અમિત શાહ સહિત ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્મા સહિતના ભાજપના નેતાઓ પણ હાજર રહ્યા હતા.

અમિત શાહ દર વર્ષે રથયાત્રાના દિવસે અમદાવાદના જગન્નાથ મંદિરમાં સહપરિવાર સાથે સવારે ૪ વાગ્યે ભગવાન જગન્નાથજીની મંગળા આરતીનો લાવો લે છે.

### તેલુગુ વર્ઝનમાં પણ ઘટ્યા દર્શકો

# બમ્પર શરૂઆત પછી ઘટવા લાગી આદિપુરુષની કમાણી

## દેશના મેટ્રો અને નાના શહેરોમાં પણ આદિપુરુષનું જોઈએ તેવું સારું કલેક્શન જોવા મળ્યું નથી

મુંબઈ, તા.૨૦

ફિલ્મ આદિપુરુષ રિલીઝ થતાં જ મોટો વિવાદ સર્જાયો છે. રિલીઝના પહેલા જ રવિવારે આદિપુરુષની કમાણીમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. દેશના મેટ્રો અને નાના શહેરોમાં પણ 'આદિપુરુષ'નું જોઈએ તેવું સારું કલેક્શન જોવા મળ્યું નથી. રિપોર્ટ્સ મુજબ, 'આદિપુરુષ'ના કલેક્શનમાં અંદાજિત ૭૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. આદિપુરુષનું બજેટ ૫૦૦ કરોડ રૂપિયા છે.




બોક્સ ઓફિસનું ગણિત સમજીએ તો શરૂઆતના દિવસથી લઈને પહેલા વીકેન્ડ સુધી ફિલ્મને એડવાન્સ બુકિંગનો ફાયદો મળ્યો છે. રિલીઝ પહેલા જ વીકએન્ડ સુધીમાં ફિલ્મની લગભગ ૧૦ લાખ ટિકિટો વેચાઈ ગઈ હતી. આવી સ્થિતિમાં, શુક્રવારે ૧૬ જૂને રિલીઝ થયા પછી જ્યારે ફિલ્મને મિશ્ર પ્રતિસાદ મળવા લાગ્યો, ત્યારે તેની અસર ટિકિટ બારી પર પણ પડવા લાગી.

sacnilkના અહેવાલ મુજબ, 'આદિપુરુષ'એ પ્રથમ ત્રણ દિવસમાં ભારતીય બોક્સ ઓફિસ પર ૨૧૬.૧૦ કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું છે. તેમાંથી રૂ. ૧૧૨.૧૯ કરોડનો બિઝનેસ માત્ર હિન્દી વર્ઝનનો છે. સામાન્યરીતે વીકએન્ડ પર કોઈપણ ફિલ્મની કમાણી વધી જાય છે, પરંતુ પ્રભાસ, ક્રિતિ સેનન અને સૈફ અલી ખાનની ફિલ્મ સ્પષ્ટ સંકેત આપી રહી છે કે સ્થિતિ વધુ વણસી રહી છે. રવિવાર પહેલા શનિવારે ફિલ્મની કમાણીમાં શરૂઆતના દિવસની સરખામણીમાં ૨૪.૭૮%નો ઘટાડો જોવા મળ્યો હતો. એટલે કે કમાણી સતત ઘટી રહી છે. હિન્દી વર્ઝનમાં આદિપુરુષએ શુક્રવારે તેના શરૂઆતના દિવસે ૩૭.૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

શનિવારે કમાણી ૩૭ કરોડ રૂપિયા હતી જ્યારે રવિવારે ૩૭.૯૪ કરોડ રૂપિયા. એટલે કે તમામ ટીકાઓ છતાં એડવાન્સ બુકિંગના કારણે ફિલ્મે પહેલા વીકેન્ડમાં ૩૭ કરોડ રૂપિયાનું કલેક્શન જાળવી રાખ્યું છે. પરંતુ તેલુગુમાં તેને ભારે નુકસાન થયું છે. પ્રભાસની ફેન ફોલોઈંગને કારણે ફિલ્મે શુક્રવારે તેલુગુમાં ૪૮ કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું હતું. પરંતુ શનિવારે આ કમાણી સીધી ઘટીને ૨૬.૬૫ કરોડ રૂપિયા થઈ ગઈ હતી અને હવે રવિવારે ૨૪.૭૧ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

### આદિપુરૂષ અંગે ચાલી રહેલા વિવાદ પર પ્રભાસે આપી પ્રતિક્રિયા

# મને પહેલાથી આશંકા હતી : સાઉથ સુપરસ્ટાર પ્રભાસ

## પ્રભાસે આ રોલ કરવા અંગે પોતાની જવાબદારી અંગે વાત કરી હતી, તેણે કહ્યું હતું કે, તે કોઈ પણ પ્રકારની ભૂલ કરવા નહતો માગતો

મુંબઈ, તા.૨૦

સાઉથ સિનેમાના સુપરસ્ટાર પ્રભાસને 'બાહુબલી' સિરીઝમાં દર્શકોનો ખૂબ પ્રેમ મળ્યો હતો. ભારતની આ રોયલ ફિલ્મના કારણે જ પ્રભાસની ગણતરી આખા દેશમાં ટોપના કલાકારોમાં થવા લાગી હતી. તેવામાં અત્યારે પ્રભાસની ફિલ્મ 'આદિપુરૂષ' અત્યારે ઘણી ચર્ચામાં છે. ફિલ્મને દર્શકોનો મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. આ ફિલ્મ રામાયણની સ્ટોરી પર આધારિત છે, પરંતુ કેટલાક લોકો આ ફિલ્મ અંગે વાંધો ઉઠાવી રહ્યા છે. સામાન્ય જનતાની સાથે રામાનંદ સાગરના શો રામાયણના લગભગ દરેક પ્રખ્યાત પાત્રોએ આ ફિલ્મ અને પાત્રો સામે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. આ ફિલ્મમાં પ્રભાસ રાઘવ એટલે કે ભગવાન શ્રીરામની ભૂમિકામાં છે. ત્યારે હવે અભિનેતાએ પોતાના આ પાત્ર અંગે કેટલીક વાત કહી છે. અભિનેતાને જ્યારે પૂછવામાં આવ્યું કે, શું આ પાત્ર ભજવવા અંગે તેને મને કોઈ આશંકા હતી ? પ્રભાસે ૐ સાથે થયેલી વાતચીતમાં જણાવ્યું હતું કે, જી હાં, આશંકા તો હતી, પરંતુ કોઈ અડચણ નહતી. ભગવાન શ્રીરામ જેવા પરમ પૂજનીય પાત્રને નિભાવવા માટે મોટી જવાબદારીની ભાવના આવે છે. કારણ કે, આવા પાત્રોની સાથે લોકોની ભાવના અને આધ્યાત્મિકતા જોડાયેલી હોય છે. આ પહેલા પોતાના ઈન્ટરવ્યૂમાં પ્રભાસ કહી ચૂક્યો હતો કે, જો તેણે બાહુબલી અંગે કોઈ ભૂલ કરી હોત તો તે બરાબર કહેવાત, પરંતુ તે 'આદિપુરૂષ' અંગે ચાન્સ ન લઈ શકે. તેનું કારણ જણાવતા તેણે કહ્યું હતું કે, આ ફિલ્મ રામાયણ જેવા મહાકાવ્યની વાર્તા પર આધારિત છે, જે ભારતીય સંસ્કૃતિ અને ધર્મ સાથે ખૂબ જ



ઊંડાણપૂર્વક રીતે જોડાયેલી છે. આ માટે રોલને વધુ વાસ્તવિકતા અને સન્માનની સાથે કરવી એ જ મારી પ્રાથમિકતા હતી. કારણ કે, અમે આ જ વાર્તા સાંભળીને મોટા થયા છીએ. આની સાથે બધી ભાવના અને આધ્યાત્મિકતા જોડાયેલી છે. આપને જણાવી દઈએ કે, આદિપુરૂષની રિલીઝ દરમિયાન ફેન્સના ઘણા બધા વીડિયોઝ સામે આવ્યા છે, જેમાં તેમનો આક્રોશ જોવા મળી રહ્યો છે. એક વીડિયો તો તેલંગાણાના થિએટરનો સામે આવ્યો હતો, જેમાં ફિલ્મ શરૂ થતા ૪૦ મિનિટ મોડું થતાં પ્રભાસના ફેન્સે અહીં તોડફોડ કરી દીધી હતી. ઉપરાંત હૈદરાબાદથી પણ એક વીડિયો આવ્યો હતો, જ્યાં એક શખસ આદિપુરૂષ ફિલ્મ વિરૂદ્ધ મીડિયાને કંઈક કહી રહ્યો હતો અને ત્યારે જ પ્રભાસના ફેન્સે તેની ધોલાઈ કરી નાખી હતી. બીજી તરફ આદિપુરૂષ ફિલ્મના ડાયલોગ પર સર્જાયેલા વિવાદ પછી લેખક મનોઝ મુંતશિરે પોલીસ પાસે સુરક્ષા માગી હતી. ડાયલોગ રાઈટર મનોજ મુંતશિરે પોતાના જીવને જોખમ હોવાનું કહી સુરક્ષા માગી હતી.


### ભણસાલી પ્રોડક્શન્સે શેર કરી જૂની યાદો

# ફિલ્મ હમ દિલ દે ચૂકે સનમને પૂરા થયા ૨૪ વર્ષ

## હમ દિલ દે ચૂકે સનમમાં સલમાન ખાન અને ઐશ્વર્યા રાય બચ્ચનની જોડીને લોકોએ ઘણી પસંદ કરી હતી

મુંબઈ, તા.૨૦

વર્ષ ૧૯૯૯માં સંજય લીલા ભણસાલીએ બનાવેલી ફિલ્મ હમ દિલ દે ચૂકે સનમ રિલીઝ થઈ હતી, જે ખૂબ જ હિટ રહી હતી. જોકે, ભણસાલીની આ ક્લાસિક ફિલ્મને રિલીઝ થયાના આજે (૧૮ જૂન) ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. આ ફિલ્મમાં બોલીવુડ અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન, અભિનેતા સલમાન ખાન અને અજય દેવગણ જોવા મળ્યા હતા. તે સમયે આ ફિલ્મે અનેક એવોર્ડ પણ જીત્યા હતા. તેવામાં હવે આ ફિલ્મને ૨૪ વર્ષ પૂર્ણ થતાં ભણસાલી પ્રોડક્શન્સે ફિલ્મ દરમિયાનની યાદોનો એક વીડિયો શેર કર્યો હતો. સાથે જ પ્રોડક્શન્સે એક નોટ પણ લખી હતી. હમ દિલ દે ચૂકે સનમમાં સલમાન ખાન અને ઐશ્વર્યા રાય બચ્ચનની જોડીને લોકોએ ઘણી પસંદ કરી હતી. સાથે જ આ ફિલ્મના તમામ ગીતો ખૂબ જ સુપરહિટ થયા હતા. તેવામાં હવે ભણસાલી પ્રોડક્શન્સે આ ફિલ્મને યાદ કરતા સોશિયલ મીડિયા પર પોસ્ટ મુકી છે. તેમાં તેમણે કેપ્શનમાં લખ્યું છે કે, જેવી તેમની નિયતિ ખૂલે છે. તો પ્રેમની સ્થાયી શક્તિ પ્રબળ થઈ જાય છે. આ ટાઈમલેસ સ્ટોરીને આજે ૨૪ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, જેની ઉજવણી કરવામાં આવી રહી છે. આમાં એ પણ જણાવવામાં આવ્યું હતું કે, આ ફિલ્મનું નામ હમ દિલ દે ચૂકે સનમ રાખવામાં આવ્યું હતું. જોકે, તે પહેલા ફિલ્મને દિલ તો હમને દિયા સનમ આપવામાં આવ્યું હતું, પરંતુ ત્યારબાદ ફિલ્મના નામમાં ફેરફાર કરાયો હતો. એવી જ રીતે અજય દેવગણે જે રોલ કર્યો હતો. તે પહેલા શાહરૂખ ખાન, અનિલ કપૂર, સંજય




દત્ત, આમિર ખાન અને અક્ષય કુમારને ઑફર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અજય દેવગણને લેવામાં આવ્યો હતો. આ સુપરહિટ ફિલ્મનું શૂટિંગ કચ્છના ભુજ, વિલાસ પેલેસ અને ઓર્ચાર્ડ પેલેસ સહિત ગુજરાત અને રાજસ્થાનની બોર્ડર પર કરવામાં આવ્યું હતું. જ્યારે ફિલ્મનો સેકન્ડ હાફ બુડાપેસ્ટ અને હંગેરી જેવા સ્થળ બતાવવામાં આવ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ફિલ્મ ૧૬ કરોડ રૂપિયામાં બનાવવામાં આવી હતી. જ્યારે બોક્સઑફિસ પર ૫૧ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જ્યારે આ ફિલ્મ માટે ઈસ્માઈલ દરબારને બેસ્ટ મ્યૂઝિક ડિરેક્ટરનો એવોર્ડ મળ્યો હતો. સાથે જ ફિલ્મને ફિલ્મફેર એવોર્ડ પણ એનાયત થયો હતો. બીજી તરફ આ ફિલ્મના ગીત ચાંદ છુપા બાદલ મેં, આંખો કી ગુસ્તાખીયાં, ઢોલી તારો ઢોલ બાજે, નિંબુડા, મન મોહિની, અલબેલા સાજન, તડપ તડપ કે અને ટાઈટલ સોન્ગ હમ દિલ દે ચૂકે સનમ તો લોકમુખે ચઢી ગયા હતા.

### સની-બોબીએ પુત્રવધૂને ગણાવી દીકરી

# દેઓલ પરિવારે ઉલ્લાસભેર કર્યું દ્રિશા આચાર્યનું સ્વાગત

## કરણ દેઓલે પણ પત્ની દ્રિશા સાથેની સુંદર તસવીરો શેર કરતાં શુભેચ્છા પાઠવનારા સૌનો આભાર માન્યો છે

મુંબઈ, તા.૨૦

દેઓલ પરિવાર માટે ૧૮ જૂનનો દિવસ ખૂબ ખાસ હતો. આ દિવસે સની દેઓલના લાડલા દીકરા કરણ દેઓલના લગ્ન થયા છે. કરણ દેઓલે દ્રિશા આચાર્ય સાથે લગ્ન કર્યા છે. લગ્નના કેટલાય ફોટોઝ અને વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે અને તેની ચર્ચા થઈ રહી છે. દેઓલ પરિવારે ધામધૂનથી દ્રિશાનું સ્વાગત કર્યું છે. ૧૮ જૂને બપોરે લગ્ન થયા બાદ રાત્રે રિસેપ્શન રાખવામાં આવ્યું હતું. જેમાં સલમાન ખાન-આમિર ખાનથી માંડીને રણવીર-દીપિકા, શત્રુઘ્ન સિન્હા જેવા સેલેબ્સે હાજરી આપી હતી. સની અને બોબી દેઓલ બંને દીકરાઓના પિતા છે ત્યારે પરિવારમાં વહુ સ્વરૂપે દીકરીનું આગમન થતાં તેઓ ખૂબ ખુશ છે. સની દેઓલે વહુને દીકરી ગણાવતાં સુંદર પોસ્ટ મૂકી છે. કરણ અને દ્રિશાના લગ્નની તસવીરો શેર કરતાં સની દેઓલે લખ્યું, "આજે મને સુંદર દીકરી મળી છે.

તમારા પર ઈશ્વરની કૃપા રહે મારા બાળકો. ગોડ બ્લેસ." આ સાથે જ સની દેઓલે પોતાને સૌથી ખુશ પિતા ગણાવ્યા છે. બોબીએ દેઓલે પણ પુત્રવધૂ પર પ્રેમ વરસાવતા તેને દીકરી ગણાવી છે. બોબી દેઓલ દ્રિશા અને કરણ સાથેની સુંદર તસવીરો શેર કરી છે. એક તસવીરમાં તો બોબી કરણના ગાલ પર વહાલભર્યું ચુંબન આપતા જોવા મળે છે. તસવીરોમાં બોબીની પત્ની તાન્યા પણ દેખાઈ રહી છે. આ ફોટોઝ શેર કરતાં એક્ટરે લખ્યું, "અમારા પરિવારમાં હવે દીકરી આવી હોવાનો આનંદ છે. તમારા બંને પર ઈશ્વરની કૃપા રહે.



કરણ દેઓલે પણ પત્ની દ્રિશા સાથેની સુંદર તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. લાલ રંગના લહેંગામાં દ્રિશા અને ક્રીમ રંગની શેરવાનીમાં કરણ ખૂબ જ સરસ લાગી રહ્યા હતા. સામાન્ય રીતે દુલ્હન હાથમાં ચૂડો પહેરતી હોય છે ત્યારે દ્રિશાએ એક હાથમાં બંગડીઓ અને બીજા હાથમાં ઘડિયાળ પહેરીને નવો ટ્રેન્ડ સેટ કર્યો હતો.

તસવીરો શેર કરતાં કરણ દેઓલે લખ્યું, "તું મારું આજ અને આવતીકાલ છે. આપણી જિંદગીમાં સુંદર સફરની શરૂઆત થઈ છે. અમારા પર સૌએ જે અઢળક આશીર્વાદ વરસાવ્યા છે અને શુભકામનાઓ આપી છે તેનાથી અમે અભિભૂત થયા છીએ. દ્રિશા અને કરણના લગ્નમાં આખો દેઓલ પરિવાર હાજર રહ્યો હતો. ધર્મેન્દ્રના પહેલા પત્ની પ્રકાશ કૌર લગ્નમાં સામેલ થયા હતા. જોકે, ધર્મેન્દ્રનાં બીજા પત્ની હેમામાલિની કે તેમની દીકરીઓ ઈશા અને આહાના કરણના લગ્નમાં હાજર નહોતા રહ્યા. થોડા દિવસ પહેલા જ સૂત્રોના હવાલેથી અમારા સહયોગી ઈટાઈમ્સે ટાંક્યું હતું કે, હેમામાલિની ધર્મેન્દ્રના પહેલા પરિવાર અને પ્રકાશ કૌરથી સન્માનજનક અંતર જાળવે છે. તેઓ તેમના પરિવારમાં દખલ નથી દેતા. એટલે જ તેઓ લગ્નમાં સામેલ નહીં થાય.

### સૌમ્યા સેઠે કેટલીક તસવીરો શેર કરી

# ડિવોર્સના ચાર વર્ષ બાદ ફરી પ્રેમમાં પડી નવ્યા ફેમ સૌમ્યા સેઠ

## અભિનેત્રી સૌમ્યા સેઠે શેર કરેલા વીડિયોમાં દેખાયું દીકરા અને બોયફ્રેન્ડનું સ્પેશિયલ બોન્ડિંગ

મુંબઈ, તા.૨૦

સીરિયલ નવ્યાથી પોપ્યુલર થયેલી સૌમ્યા સેઠ આશરે ચાર વર્ષ ફરી પ્રેમમાં પડી છે. તેણે વર્ષ ૨૦૧૯માં પહેલા પતિથી ડિવોર્સ લીધા હતા. જીવનમાં નવી વ્યક્તિનું આગમન થયું હોવાની જાણકારી તેણે તેના સોશિયલ મીડિયા પર આપી છે અને તે પણ ફાધર્સ ડે જેવા સ્પેશિયલ દિવસે.

એક્ટ્રેસે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર દીકરા એડન અને બોયફ્રેન્ડ શુભમ ચુહડિયાની તસવીરોથી ભરેલી એક રીલ શેર કરી હતી, આ સાથે તેઓ પ્રેમમાં કેવી રીતે વિકસિત થઈ રહ્યા છે તેમજ તેમના ક્યૂટ પરિવાર સાથે કેવી રીતે એક-એક ક્ષણને એન્જોય કરી રહ્યા છે તેના વિશે એક નોટ શેર કરી હતી. એક્ટ્રેસના ચહેરા પર ફરીથી પહેલા જેવી ખુશી જોઈને તેના ફેન્સ પણ ખુશ થયા છે. સૌમ્યા સેઠે જે રીલ શેર કરી હતી, તેમાં ત્રણેયની કેટલીક તસવીરો છે. આ સિવાય કેટલાકમાં એડન અને શુભમ ગેમ સેશન અને શોપિંગ એન્જોય કરતાં દેખાયા.

આ સિવાય એકમાં બંને ગાર્ડનમાં લટાર મારી રહ્યા છો તો એકમાં તેઓ ફોટોગ્રાફી કરતાં દેખાયા. આ સિવાય આ રીલમાં તેમની ટ્રિપની પણ તસવીરો છે. આ સાથે લખ્યું હતું 'હેપ્પી ફાધર્સ ડે @shub1893. અમે નિયમિત તારા માટે કૃતજ્ઞ છીએ!! દિવસ જતાં- તારા પ્રત્યેનો અમારો પ્રેમ અને આદર માત્ર વધી રહ્યો છે!! આ પરિવાર માટે તું રોજ જે કંઈ કરી રહ્યો છે તે તમામ માટે આભાર. એડન અને તેની પ્રાથમિકતાને હંમેશા પ્રાથમિકતા આપવા માટે આભાર. હંમેશા અમારી સાથે રહેવા માટે આભાર. અમારા જીવનમાં પર્ફેક્ટ રોલ મોડલ બનવા માટે આભાર. તમે ખૂબ પ્રેમ કરીએ છીએ અને રોજ તારી સાથેના દિવસને ઉજવીએ છીએ.



સૌમ્યા સેઠે અન્ય એક પોસ્ટ પણ શેર કરી હતી, જેમાં દીકરા એડન અને શુભમ એકબીજાની કંપનીને એન્જોય કરી રહ્યા હોય તેવી તસવીરો હતી. આ સાથે તેણે લખ્યું હતું 'તું જેવો છે તેવો બનવા માટે આભાર @shub1893!! અમે તને પ્રેમ કરીએ છીએ!!'. ફરીથી પ્રેમમાં પડેલી એક્ટ્રેસના ચહેરા પરનો ગ્લો જોઈને ફેન્સને ખુશી થઈ હતી. એક યૂઝરે લખ્યું હતું 'તને ખુશ જોઈને સારું લાગ્યું. જ્યારે નવ્યા સીરિયલ ઓન-એર થઈ ત્યારે મારી ઉંમર ૧૫ વર્ષ હતી. એક પણ એપિસોડ મિસ નહોતો કર્યો. નવ્યા મારી ખુશીની જગ્યા હતી. તે મને ઘણી પોઝિટિવ એનર્જી આપી હતી. જ્યારે પણ હું તારી સ્માઈલને જોઉ છું ત્યારે મને તે દિવસો યાદ આવી જાય છે. હું આશા રાખું છું કે, ખુશીઓ હંમેશા તને જડે'. આ સિવાસ તે ભૂતકાળના આઘાતમાંથી બહાર આવી અને ફરીથી જીવન જીવી રહે છે તે જોઈને કેટલાક ફેન્સને આનંદ વ્યક્ત કર્યો હતો. એક ફેને પૂછ્યું હતું 'શું તે ફરીથી લગ્ન કરી લીધા? શ્રેષ્ઠ જીવનસાથી મળવો તે સારી વાત છે, એડન અને તારા માટે ખુશ છું'.

### તેની એક ખૂબીથી થઈ હતી ઈમ્પ્રેસ

# અક્ષય સાથે લગ્ન કરવા એમ જ નહોતી તૈયાર થઈ ટ્વિંકલ


## ટ્વિંકલ ખન્ના છેલ્લા ઘણા વર્ષોથી ફિલ્મી પડદાથી દૂર છે અને તે રાઈટિંગનું કામ કરતી રહે છે, તેણે પોતાની બૂક પણ પબ્લિશ કરી છે

મુંબઈ, તા.૨૦

ટ્વિંકલ ખન્ના છેલ્લા ઘણા વર્ષોથી ફિલ્મી પડદાથી દૂર છે અને તે રાઈટિંગનું કામ કરતી રહે છે. તેણે પોતાની બૂક પણ પબ્લિશ કરી છે. આ બધાની સાથે-સાથે તે સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે અને અલગ-અલગ મુદ્દા પર ફની પોસ્ટ શેર કરતી રહે છે, જેમાં તે અક્ષય કુમારને પણ બાકાત રાખતી નથી. જો કે, રવિવારે ફાધર્સ ડે પર તેણે પતિ માટે એક એપ્રિસિએશન પોસ્ટ શેર કરી હતી અને ફાધર્સ ડેની શુભકામના પાઠવી હતી.

જો કે, રવિવારે ફાધર્સ ડે પર તેણે પતિ માટે એક એપ્રિસિએશન પોસ્ટ શેર કરી હતી અને ફાધર્સ ડેની શુભકામના પાઠવી હતી. તેણે અક્કીનો શર્ટલેસ ફોટો શેર કર્યો હતો, જેમાં તેના એબ્સ દેખાતા હતા તો બીજી તરફ ટ્વિંકરે ઝિકઝેક પ્રિન્ટનું આઉટફિટ પહેર્યું હતું અને વાળ ખુલ્લા રાખ્યા હતા. તેણે ગોગલ્સ પહેરીને લૂક પૂરો કર્યો હતો. ટ્વિંકલ ખન્નાએ પોસ્ટની સાથે હૃદયસ્પર્શી કેપ્શન લખ્યું હતું અને તેમા અક્ષય કુમાર સાથે લગ્ન કરવાના કારણનો પણ ખુલાસો કર્યો હતો. તેણે લખ્યું હતું 'મિ. કે સાથે લગ્ન કરવાના ઘણા બધા કારણોમાંથી કેટલાક એ પણ હતા કે, તેને તેના પરિવાર સાથેના વ્યવહાર જોઈને ખાતરી થઈ હતી કે તે એક સારો પિતા બનશે, બીજી તેવી આશા હતી કે મારા ભાવિ બાળકોને તેના કેટલાર સારા જીન્સ મળશે.

તેને ૫૦ની ઉંમર વટાવતો જોઈ હું તેમ કહીશ કે તેના બાળકો ભાગ્યશાળી રહેશે જો તેઓ તેની પાસેથી તેના અડધા જેનેટિક મટીરિયલ વારસામાં મેળવશે. તે વ્યક્તિને ફાધર્સ ડેની શુભેચ્છા જે પોતાને કરતાં પરિવારને આગળ રાખે છે'. અક્ષય કુમારે રિપ્લાયમાં લખ્યું હતું 'આ માટે આઈ લવ યુ ટિના. તે મને લૂક માટે જેનેટિક ડિપાર્ટમેન્ટમાં સાઈન કર્યો છે તેથી હું તને ખાતરી આપું છું કે તે આપણા બાળકોમાં પણ દેખાશે. તેમને વધુ પુસ્તરો વાંચતા કર'. અર્ચના પુરણ સિંહે આ પોસ્ટ પર રેડ હાર્ટ ઈમોજી ડ્રોપ



કર્યા હતા. ફેન્સે પણ કોમેન્ટ કરતાં બંનેની જોડીને સુંદર ગણાવી હતી અને બંને હંમેશા આ જ રીતે સાથે રહો તેમ કહ્યું હતું. બંનેની વાતચીત જોઈ એક ફેને લખ્યું હતું 'આ વાત ઘરમાં પણ થઈ શકતી હતી. મજાકને બાજુમાં રાખીએ તો તમારો આ સંવાદ વાંચીને મજા આવી', એક ફેને વખાણ કરતાં લખ્યું હતું 'બોલિવુડ ઈન્ડસ્ટ્રીની ઓલ ઈન વન પેર', તો એકે લખ્યું હતું 'તમે બંને મારા ફેવરિટ છો. ટ્વિંકલ ખન્ના અને અક્ષય કુમારે ૧૭ જાન્યુઆરી ૨૦૦૧માં લગ્ન કર્યા હતા. તેઓ દીકરા આરવ અને દીકરી નિતારાના માતા-પિતા છે. ૨૦૦૧માં ટ્વિંકલે એક્ટિંગ છોડવાનો નિર્ણય લીધો હતો અને ૨૦૧૫માં પહેલી બૂક 'મિસિસ ફનીબોન્સ' લોન્ચ કરી હતી અને રાઈટિંગ શરૂ કર્યું હતું. જે બાદ ૨૦૧૭માં ધ લેજેન્ડ ઓફ લક્ષ્મી પ્રસાદ અને પાયજામાસ આર ફોરગિવિંગ લોન્ચ પુસ્તક બહાર પાડ્યું હતું.

અક્ષય કુમારના વર્ક ફ્રંટની વાત કરીએ તો, તે સુનીલ શેટ્ટી અને પરેશ રાવલ સાથે ફિલ્મ 'હેરા ફેરી ૩'માં દેખાશે. ત્રણેયે ઘણા સમય પહેલાથી જ તેનું શૂટિંગ શરૂ કરી દીધું છે. આ સિવાય તે ઓહ માય ગોડ ૨ અને બડે મિયાં છોટે મિયાંનો પણ ભાગ છે.

# સાવરકુંડલાના લલ્લુભાઇ શેઠ આરોગ્ય મંદિરને યુ.એસ.એ. નિવાસી ડો. રશ્મિબા જાડેજાનું સુંદર માર્ગદર્શન



સ્મૃતિઓ હમેશાં માનવજીવનમાં મઘમઘતી રહે છે. તથ્યોને ભૂલી શકાતા નથી. દરેક ક્ષણ જીવનનાં કેમેરામાં કંડારાય જ જતી હોય છે. જીવનરૂપી બ્લેકબોર્ડ દ્વારા પણ ક્ષણોને ડસ્ટરથી કદી પણ ભૂંસી નથી શકાતી. જૂન ૨૦૧૫ની એ સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધીએ પોતાના ફેસબુક પેજ પર કંડારેલીએ સ્મૃતિઓ આજે પણ શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત લલુભાઈ શેઠ આરોગ્ય મંદિરની યુ.એસ.એ. નિવાસી ડો. રશ્મિબા જાડેજાએ સાવરકુંડલા શહેરને આપેલું મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન અને ત્યાર બાદ તેમના જીવનમાં પ્રતિ વર્ષ કોરોના કાળના એકાદ વર્ષને બાદ કરતા એક માસ જેટલો તેમનો અમૂલ્ય સમય ભારતમાં આ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે લોકોને મનોચિકિત્સક તરીકે માર્ગદર્શન તથા યુવાનો વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન આપતાં જોવા મળેલ છે. આજે જે સ્મૃતિઓ રજૂ કરવામાં આવેલ છે તે જૂન ૨૦૧૫ની સંચિત સ્મૃતિઓ કદાચ એ ફેરવેલ કાર્યક્રમ હતો. આજે આઠ વર્ષના વહાણાં વહી ગયાં છે. છતાંય એ સ્મૃતિઓ આજે પણ તાજીતરાર છે. થોડા અંશો આપની સમક્ષ રજૂ કરેલ છે. જો કે પોતાની આ નિસ્વાર્થ સેવા દ્વારા તેમણે સાવરકુંડલાવાસીઓના હૃદય જીતી લીધા છે. થોડો સારાંશ આપ વાંચકો સમક્ષ. હાલ તો આ આરોગ્ય મંદિરની આરોગ્યલક્ષી સેવાઓની ખ્યાતિ દેશના સિમાડા ઓળંગી વિદેશની ધરા પર પણ અવિરત ફેલાતી જાય છે. હાલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડા પ્રકાશભાઈ કટારીયા અને આ સંસ્થાના સેક્રેટરી દિવ્યકાંતભાઈ સૂચક, સહ મંત્રી ભરતભાઈ જોષી, સંસ્થાના પ્રમુખ હરેશભાઈ મહેતાના માર્ગદર્શન અને પૂ. મોરારીબાપુનાં આશીર્વાદ સાથે દિનપ્રતિદિન પ્રગતિના પંથે છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૨ | ચણા | ૯૧૧ | ૯૬૪ |
| ૩ | ઘઉં લોકવન | ૪૩૯ | ૪૩૯ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૪૪૦ |
| ૫ | શીંગ ફાડા | ૧૬૧૦ | ૧૬૧૦ |
| ૬ | અડદ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૭ | તલ કાળા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૮ | મેથી | ૧૦૫૨ | ૧૦૫૨ |
| ૯ | રાય | ૧૦૫૨ | ૧૦૫૨ |
| ૧૦ | સોયા | ૯૩૪ | ૯૬૧ |
| ૧૧ | મગફળી | ૧૦૫૨ | ૧૩૬૦ |
| ૧૨ | શીંગ દાણા | ૧૩૨૫ | ૧૮૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૪૨૩ |
| ૨ | શિંગ મોટી | ૮૨૫ | ૧૪૬૦ |
| ૩ | શિંગદાણા | ૧૫૦૦ | ૨૦૮૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૪૦૦ | ૧૮૮૫ |
| ૫ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૮૦૦ |
| ૬ | તલ કાળા | ૨૪૩૦ | ૨૮૯૮ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૦૭૯ | ૩૨૨૬ |
| ૮ | બાજરો | ૩૨૨ | ૪૧૩ |
| ૯ | જુવાર | ૫૧૦ | ૧૦૫૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૯૬ | ૫૨૮ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૪૮ | ૪૬૮ |
| ૧૨ | મગ | ૧૫૭૪ | ૧૬૫૨ |
| ૧૩ | ચણા | ૭૦૦ | ૯૮૦ |
| ૧૪ | ચણા દેશી | ૯૪૧ | ૯૪૧ |
| ૧૫ | તુવેર | ૧૨૧૯ | ૧૬૦૦ |
| ૧૬ | કપાસ | ૧૦૧૦ | ૧૪૭૯ |
| ૧૭ | એરંડા | ૧૦૮૧ | ૧૧૪૧ |
| ૧૮ | જીરૂ | ૨૫૦૧ | ૮૦૦૦ |
| ૧૯ | ધાણા | ૧૦૩૦ | ૧૧૨૫ |
| ૨૦ | અજમા | ૨૪૦૦ | ૨૪૦૦ |
| ૨૧ | મેથી | ૧૦૫૦ | ૧૦૯૯ |
| ૨૨ | સોયાબીન | ૯૨૦ | ૯૬૮ |

પાના ૧ ઉપરનું ચાલું **લાઠીનાં પૌરાણિક ભીડભંજન મંદિરમાં**

કરી રાજુભાઈ કલ્યાણભાઈ ફોકીયા, તથા કિશોર ઈસુભાઈ ચારોલીયા રહે. બંને લાઠીવાળા ઈસમોને પંચધાતુના નાના–મોટા બે નાગ કિંમત રૂા. ૧૫૦૦, બે પિતળની નાની–મોટી ટંકોરી કિંમત રૂા. ૫૦૦, ચાંદીનો નાનો મુગટ કિંમત રૂા. ૫૦૦, પિતળના નાના–મોટા બે ટકોરા (ઘંટ) કિંમત રૂા. ૭,૫૦૦, ચાંદીનું છત્તર કિંમત રૂા. ૨૦૦ મળી કુલ રૂપિયા૧૦,૨૦૦નો મુદ્દામાલ પકડી પાડી ચોરીના ગુન્હાનો ભેદ લાઠી સર્વેલન્સ ટીમે ઉકેલી નાખ્યો હતો.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી ખાતે યોગદિનની ઉજવણી**

નિયમિત કરો યોગ, હંમેશા રોગથી દૂર રહો'', યોગ માણસની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉર્જામાં વધારો કરે છે, ''યોગ અપનાવો, સ્વસ્થ જીવન બનાવો'', યોગ સ્વાસ્થય માટે ફાયદાકારક છે, જે સ્લોગનથી લોકોને યોગથી થતાં ફાયદા અંગેની જાણકારી આપવામાં આવેલ હતી. આ બાઈક રેલીમાં પોલીસ હેડ કવાટર્સ, સ્થાનિક પોલીસ સ્ટેશન, કચેરી–શાખાના પોલીસ અધિકારી/ કર્મચારીઓ મળી ૨૩૫ એ ભાગ લીધેલ હતો.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૧૧ |
| ૨ | મગફળી | ૧૨૪૦ | ૧૩૫૦ |
| ૩ | તલ સફેદ | ૨૪૪૫ | ૨૬૮૫ |
| ૪ | ઘઉં | ૪૧૬ | ૪૨૪ |
| ૫ | ચણા | ૯૦૭ | ૯૪૩ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૦ | ૧૪૮૧ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૩ | શીંગદાણા | ૧૯૫૧ | ૨૨૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૫૫૦ | ૨૭૫૧ |
| ૫ | તલ કાળા | ૨૫૦૦ | ૨૯૦૦ |
| ૬ | કપાસ | ૧૧૮૦ | ૧૪૮૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૨૫ | ૪૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૨૦ |
| ૯ | બાજરો | ૩૮૦ | ૪૩૫ |
| ૧૦ | જુવાર | ૮૦૦ | ૧૦૬૧ |
| ૧૧ | મકાઈ | ૪૬૦ | ૫૯૦ |
| ૧૨ | મગ | ૧૬૦૦ | ૧૭૦૪ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૯૬૪ |
| ૧૪ | તુવેર | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ૧૫ | સોયાબીન | ૯૫૦ | ૧૦૧૧ |

પાના ૮ ઉપરનું ચાલું **ચલાલામાં કાયમી ચીફ ઓફિસરનાં અભાવથી**

નીકળવા પુરી દહેશત હતી. આમ છતાં આ બન્ને જવાબદાર અધિકારીઓએ આ બાબતે કોઈ કાળજીપૂર્વકનાં પગલા ભરેલ નથી. હાલમાં પસાર થયેલ બિપરજોય સાયકલોન બાબતે ચલાલા નગરમાં કોઈપણ પ્રકારના તકેદારીના પગલા લેવામાં આવેલ નથી કે આ બાબતે સાવચેતીની કોઈ જાહેરાત પણ કરવામાં આવેલ નહી કે અગમચેતીની કોઈ તૈયારીઓ કરવામાં આવેલ નહી અને સમગ્ર નગરની ૫૦ હજારની જનતાને ભગવાન ભરોસે છોડી દીધેલ છે. હાલ શાળા કોલેજોમાં એડમીશનની કાર્યવાહીઓ ચાલતી હોય જેથી વિદ્યાર્થીઓ અને વાલીઓને અલગ અલગ પ્રમાણપત્રોની ખૂબ જ જરૂરત રહે છે. આવા સમયે ચીફ ઓફિસર ચલાલા નગરપાલિકામાં પધારતા ન હોય તેથી વિદ્યાર્થીઓને દાખલાઓ મેળવવામાં ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહેલ છે. તેમજ હાલ પીવાના શુધ્ધ પાણીનો પ્રશ્ન પણ ઉદભવેલ છે. દુષિત પીવાના પાણીના કારણે રોગચાળાનો ખતરો ઉદભવેલ છે. હાલ શહેરમાં સફાઈનો પ્રશ્ન પણ ગંભીર બનેલ છે. કચરાપેટીઓના અભાવે ઠેર–ઠેર ઉકરડાઓનો ઉપદ્રવ શહેરનાં પર્યાવરણ માટે હાનિકારક બનેલ છે. શહેરમાં ઠેરઠેર રેઢિયાર ઢોરનો ખૂબ જ ત્રાસ વધી રહેલ છે જેને કારણે અવારનવાર અકસ્માતોના કારણે લોકોને ઈજાઓ થવાના બનાવો બનતા રહે છે.

તેમજ શહેરની દલિત વસાહતોમાં વિકાસના કોઈ જ કામો થઈ રહેલ નથી તેમજ દલિત વસાહતો માટે સરકાર તરફથી મંજૂર થયેલ ડો. આંબેડકર કોમ્યુનીટી હોલનાં નિર્માણ બાબતે ગંભીર ઉદાસીનતા સેવવામાં આવી રહી છે. માહિતી અધિકાર અન્વયે નાગરિકોને કોઈ જ માહિતી જવાબ આપવામાં આવતા નથી. માહિતી અધિકાર અન્વયે અરજ કરતા અમોને આજદિન સુધી ચીફ ઓફિસર તરફથી કોઈ જ જવાબ માહિતી પાઠવવામાં આવેલ નથી. ઉપરોકત બાબતોએ સઘન તપાસ કરાવી જવાબદારો વિરૂધ્ધ કાયદેસરનાં પગલા લેવા જરૂરી છે.

હાલ ચલાલા નગરની ૫૦ હજારની જનતાને ભગવાન ભરોસે છોડી જવાબદાર અધિકારીઓ વહીવટદાર તેમજ ચીફ ઓફિસર ચલાલા નગરપાલિકામાં નિયમિત પધારતા ન હોય તેમજ ચલાલા નગરપાલિકામાં ઘણા સમયથી કાયમી ચીફ ઓફિસર ન હોય. જેથી ચલાલા શહેરનાં જનલક્ષી કે વિકાસના કોઈ કાર્યો હાલ થઈ રહેલ નથી. જેથી આ બન્ને મહાનુભાવોને (વહીવટદાર તથા ચીફ ઓફિસર)ને જવાબદારીપૂર્વક પોતાની ફરજો અદા કરવા તાકીદ ફરમાવવા તથા ચલાલા નગરપાલિકામાં તાકીદની અસરથી કાયમી ચીફ ઓફિસરની નિમણૂંક કરવા અંતમાં માંગ કરેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૦૫ | ૧૨૫૧ |
| ૨ | ઘઉં | ૪૪૧ | ૪૪૨ |
| ૩ | ચણા | ૯૦૦ | ૯૨૫ |
| ૪ | તુવેર | ૧૮૭૦ | ૧૮૭૦ |
| ૫ | ધાણા | ૭૫૧ | ૧૦૮૫ |
| ૬ | મગ | ૧૫૨૧ | ૧૭૦૫ |
| ૭ | શીંગ દાણા | ૧૫૧૦ | ૨૨૩૫ |
| ૮ | સોયાબીન | ૯૪૫ | ૯૭૬ |
| ૯ | તલ | ૨૪૦૦ | ૨૬૩૦ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં આગામી અષાઢી બીજથી**

અનુરોધ કર્યો.

જે અંતર્ગત આજે અષાઢી બીજનાં પવિત્ર દિને સાંજે ઐતિહાસિક જગન્નાથ મંદિર ખાતે સાંજે મહા આરતી યોજાઈ જેમાં અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા, વાઈસ ચેરમેન મુકેશ સંઘાણી, વિશ્વ હિન્દુ પરિષદ, આરએસએસનાં આગેવાનો, ભગવાન જગન્નાથનાં પરમ ભકત ડો. મહેતા સહિત મોટી સંખ્યામાં સૌ કોઈ ઉપસ્થિત રહ્યા.

આ તકે ડો. મહેતાએ અમરેલીનાં ભગવાન જગન્નાથ મંદિર અંગે જણાવ્યું કે, આ મંદિર ૨૦૦ વર્ષ જુનું છે અને તેનું મહત્વ પુરી અને ભાવનગરનાં જગન્નાથ મંદિર જેટલું જ મહત્વનું છે. કારણ કે ભગવાનને દાંડી માત્ર પુરી, ભાવનગર અને અમરેલીનાં મંદિરમાં જ ચડાવવામાં આવે છે.

આ તકે ઉપસ્થિત સૌ કોઈએ આગામી એક વર્ષમાં મંદિરનો જીર્ણોધ્ધાર કરવા માટે તમામ પ્રકારનો સહયોગ કરવાની ખાત્રી આપી, એક સંચાલક મંડળ રચવું, આગામી અષાઢી બીજની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવી, રથયાત્રાનું આયોજન કરવાનો સંકલ્પ કરીને મંદિરનાં જીર્ણોધ્ધારનાં ભાગરૂપે યથાશકિત રકમ પણ મંદિરનાં પૂજારીને અર્પણ કરેલ.

તદુઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદ ધ્વારા આગામી અગિયારસે મંદિરનાં પટાંગણમાં જ બેઠક કરવી જાહેરાત કરવામાં આવી હતી. શહેરનાં આગેવાનોનાં સંકલ્પથી મંદિરનાં પૂજારી પરિવાર અને ભગવાન જગન્નાથનાં ભકતજનોમાં ખૂશીનો માહોલ ઉભો થયો હતો.

આમ અમરેલીની પવિત્ર ધરતી પર આજે ભગવાન જગન્નાથ મંદિરનાં જીર્ણોધ્ધારનાં સંકલ્પની ઘટના બનવા પામી તે ભગવાન જગન્નાથનો જ સંદેશ હોવાનું સૌ માની રહ્યું છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૧ | ૧૩૯૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૭૧૦ |
| ૩ | તલ કાળા | ૧૭૦૦ | ૨૩૦૧ |
| ૪ | કપાસ | ૧૪૨૫ | ૧૪૬૬ |
| ૫ | બાજરો | ૪૨૫ | ૪૫૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૯૦ |
| ૭ | જુવાર | ૫૭૦ | ૧૧૦૧ |
| ૮ | મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| ૯ | મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૦ | અડદ | ૧૩૦૦ | ૧૭૫૧ |
| ૧૧ | તુવેર | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૨ | ચણા | ૬૦૦ | ૯૫૧ |
| ૧૩ | ધાણા | ૫૦૦ | ૯૨૬ |
| ૧૪ | એરંડી | ૮૦૦ | ૯૦૦ |
| ૧૫ | શીંગદાણા | ૧૫૦૧ | ૨૧૧૬ |
| ૧૬ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |

# સાવરકુંડલાનાં કાનાતળાવ ગામે છેલ્લા ૨૮ વર્ષથી પરંપરાગત રથયાત્રા નીકળી







સાવરકુંડલાનાં કાનાતળાવ ગામે છેલ્લા ૨૮ વર્ષથી દેશી તબલા અને પગે ચાલીને ધુન, કીર્તન સાથે સમસ્ત ગ્રામજનોની ઉપસ્થિતિમાં વિશાળ રથયાત્રા નીકળી હતી. જેમાં કાનાતળાવ ગામના બહારગામ રહેતા સુરત, અમદાવાદ, મુંબઈ સહિતના નગરજનો અષાઢી બીજને દિવસે ખાસ કાનાતળાવ ઉપસ્થિત થાય છે અને આ રથયાત્રાના ધાર્મિક ઉત્સવમાં જોડાય છે. કાનાતળાવમાં આવેલા તમામ ધાર્મિક મંદિરોમાં ખાસ લાપસીનો થાળ ધરવામાં આવે છે અને પૂજન કરવામાં આવે છે અને ત્યારબાદ ગામ સમસ્ત ધુમાડા બંધ લાપસી ભોજન પ્રસાદ કરાવવામાં આવે છે. આ ધાર્મિક પરંપરા છેલ્લા ૨૮ વર્ષથી નિર્વિવાદ અને નિર્વિઘ્ન પ્રમાણે ચાલી રહી છે જે જુની પરંપરા જાળવવા માટે અને તમામ આબાળ વૃધ્ધ બાળકો સહિત નગરજનોની એકતા અને અખંડિતતા ખાસ જોવા મળે છે.

એપ્રિલ ૨૦૨૧ સુધીમાં જ્યારે ભારતમાં કોરોનાએ ખતરનાક સ્વરૂપ ધારણ કર્યુ

# ગુજરાત સહિત ભારતમાં હાર્ટ એટેકના કેસ વધ્યા

## કોરોના વાયરસને રોકવા માટે બનાવવામાં આવેલી વેક્સીનને કારણે લોકોમાં હાર્ટ એટેકનો ખતરો વધી ગયો છે

નવી દિલ્હી, તા.૨૦

વર્ષ ૨૦૧૯માં ચીનમાં કોરોના વાયરસે દસ્તક આપી હતી. તેની શરૂઆત ચીનથી થઈ હતી પરંતુ ધીરે ધીરે આ વાયરસે આખી દુનિયાને ઘેરી લીધી. વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારતમાં સ્થિતિ વધુ ખરાબ થતી જોઈને લોકડાઉન લાદવું પડ્યું. ત્યારબાદ કોરોના રસી બનાવવાના પ્રયાસો શરૂ થયા અને ઘણા દેશોએ આ રોગનો તોડ શોધી કાઢ્યો, જેમાં ભારત પણ સામેલ છે. જો કે, ૨૦૨૧ સુધીમાં સમગ્ર ભારતમાં લોકોને કોરોના રસી આપવાનું શરૂ થયું. જો કે તેની સાથે હાર્ટ એટેકના કેસમાં પણ અચાનક વધારો જોવા મળ્યો હતો, એટલે એવો સવાલ ઉભો થયો છે કે કોરોના રસીના કારણે હાર્ટએટેકનો ખતરો વધ્યો કે શું? તેના માટે ICMR તેના પાછળ રિસર્ચ કરી રહ્યું છે.

એપ્રિલ ૨૦૨૧ સુધીમાં જ્યારે ભારતમાં કોરોનાએ ખતરનાક સ્વરૂપ ધારણ કર્યું, ત્યારે સામાન્ય લોકો માટે રસીકરણ શરૂ થઈ ગયું હતું. આ સમયગાળા દરમિયાન દેશભરમાં અનેક લોકોના મોત થયા હતા. કેટલાકના મોત કોરોના વાયરસના કારણે થયા છે જ્યારે કેટલાકના મોત હાર્ટ એટેક અને અન્ય બીમારીઓને કારણે થયા છે. આ પછી સવાલો ઉઠવા લાગ્યા કે કોરોના વાયરસને રોકવા માટે બનાવવામાં આવેલી વેક્સીનને કારણે લોકોમાં હાર્ટ એટેકનો ખતરો વધી ગયો છે. આ આરોપો પર ICMR અભ્યાસ કરી રહ્યું છે. આ અભ્યાસનો પ્રારંભિક અહેવાલ જુલાઈ ૨૦૨૩માં પ્રકાશિત કરવામાં આવશે. આ અભ્યાસમાં ICMR ભારતમાં યુવા વસ્તીમાં કોવિડ-૧૯ રસીકરણ અને વધતા હાર્ટ એટેક વચ્ચેની કડીને સમજવાનો પ્રયાસ કરી રહ્યું છે.

આ અભ્યાસનો પ્રાથમિક અહેવાલ થોડા સમય માટે પેન્ડિંગ છે. તેને પ્રકાશિત કરતા પહેલા ICMR અત્યાર સુધી જાહેર થયેલા તારણોની સમીક્ષા કરી રહ્યું છે. ICMR આ રિપોર્ટ અંગે ખૂબ જ ઊંડો અભ્યાસ કરી રહ્યું છે. તેથી જ્યારે તેની સંપૂર્ણ પુષ્ટિ થાય ત્યારે જ તેના આંકડા જાહેર કરવાનો પ્રયાસ કરશે.

હૃદયરોગના હુમલામાં અચાનક વધારો અને કોવિડ-૧૯ રસીકરણ સાથેના તેમના સંબંધની તપાસ કરવા માટે ICMR કેટલાક પ્રશ્નોનો અભ્યાસ કરી રહ્યું છે. આ પ્રશ્નો છે...

૧. શું રસીકરણ પછી લોકો કુદરતી કારણોસર મૃત્યુ પામ્યા છે?

૨. શું કોવિડને રોકવા માટે બનાવવામાં આવેલી રસી મૃત્યુ માટે જવાબદાર હતી?

૩. જે દર્દીએ કોવિડના ગંભીર તબક્કામાં પોતાનો જીવ ગુમાવ્યો હતો અથવા તે લાંબા સમયથી તેનાથી પીડાતો હતો?

આ અભ્યાસ માટે સેમ્પલની સાઈઝ તરીકે ICMR એ ૪૦ હોસ્પિટલોમાંથી ક્લિનિકલ નોંધણી વિશે માહિતી લીધી છે. આમાંથી ઘણા દર્દીઓના ડેટા પણ એઈમ્સમાંથી લેવામાં આવ્યા છે. માહિતી અનુસાર, ૧૪,૦૦૦ લોકોના સેમ્પલ સાઈઝમાંથી ૬૦૦ લોકોના મોત થયા છે.

જણાવી દઈએ કે માર્ચ મહિનામાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયા એક ચેનલના સમિટમાં બોલી રહ્યા હતા. આ દરમિયાન તેમણે સ્વીકાર્યું કે કોરોના પછી હાર્ટ એટેકના કારણે મૃત્યુની સંખ્યામાં વધારો થયો છે. પછી તેમણે કહ્યું કે આ અંગે ચર્ચા થઈ છે અન ICMR આ મામલે અભ્યાસ કરી રહ્યું છે. માંડવિયાએ કહ્યું હતું કે, અમારી પાસે રસીકરણના આંકડા છે. તેમણે કહ્યું કે ICMR કેટલાક પ્રશ્નો પર છેલ્લા ૩-૪ મહિનાથી આ મુદ્દાનો અભ્યાસ કરી રહ્યું છે. તેનો રિપોર્ટ ૬ મહિનામાં આવવાનો હતો. પરંતુ હવે એવું માનવામાં આવે છે કે આ અભ્યાસનો રિપોર્ટ જુલાઈ મહિનામાં જાહેર કરવામાં આવશે. સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ પણ કહ્યું હતું કે એઈમ્સ દિલ્હી દ્વારા હાર્ટ એટેકથી થયેલા મૃત્યુના ડેટાની પણ સમીક્ષા કરવામાં આવી રહી છે. માંડવિયાએ સ્વીકાર્યું હતું કે કોરોના વેક્સીનનું ઉત્પાદન માત્ર ભારતની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જ નહીં પરંતુ નિકાસ માટે પણ વધારવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રીના જણાવ્યા અનુસાર, શરૂઆતમાં એવું કહેવામાં આવ્યું હતું કે ભારતને વિનાશક અસરનો સામનો કરવો પડશે. પરંતુ આજે વિશ્વભરમાં શ્રેષ્ઠ વેક્સીન અભિયાન અને કોરોના મેનેજમેન્ટ માટે ભારતની પ્રશંસા થઈ રહી છે. બિલ ગેટ્સે પણ ભારતના વખાણ કર્યા હતા.

ઈન્ડિયન હાર્ટ એસોસિએશનના જણાવ્યા અનુસાર, વર્ષોથી ૫૦ વર્ષથી ઓછી ઉંમરના ૫૦ ટકા લોકોમાં અને ૪૦ વર્ષથી ઓછી ઉંમરના ૨૫ ટકા લોકોમાં હાર્ટ એટેકનું જોખમ જોવા મળ્યું છે. મતલબ કે યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યું છે અને સ્ત્રીઓ કરતાં પુરુષો વધુ હૃદયરોગથી પીડિત છે. બ્લડ પ્રેશર, સુગર, સ્ટ્રેસ, સ્થૂળતા અને અનિયમિત જીવનશૈલીને હૃદયરોગના મુખ્ય કારણો તરીકે જોવામાં આવે છે.

ઘણા નિષ્ણાતો માને છે કે કોવિડ સંક્રમણ પછી શરીરમાં લોહી ગંઠાઈ જવાની ઘટનાઓ ઝડપથી વધી છે અને અભ્યાસ પણ ચાલી રહ્યો છે કે શું હૃદયની આ વધતી બિમારીઓ પાછળ કોઈ કોરોના કનેક્શન છે

---

## ખેડૂત કહાની

# આપણે આપણો નાગરિક ધર્મ ભૂલી ગયા છીએ કે શું ?

અમરેલી શહેરમાં ગત તા. ૧૪/૬નાં રોજ હું રોડ પર બપોરનાં સમયે નિકળ્યો હતો. તે સમયે જે દ્રશ્ય જોવા મળ્યું તે આ પ્રમાણે હતું. વેપારી પોતાની કચરા પેટીમાં ભરાયેલ કચરો રોડ પર ફેંકતા હતા.

કોઈ પડતર ખાદ્ય ગટરનાં જાળીવાળા ભાગમાંથી પડતર ખાદ્ય પદાર્થ નાખતા હતા. કચરા પેટીમાં રહેલ પ્લાસ્ટીકની બોટલ, પ્લાસ્ટીકની થેલી કે અન્ય સ્ટેપલરની પીન, બ્લેડ લોખંડના અન્ય ટુંકડા, પાનની પીચકારી મારેલ ગંદકી માત્ર પાંચ–સાત મિનિટનાં વરસાદનાં રોડ પર ભરાયેલ પાણીમાં ફેંકતા હતા. આને લઈ ગટર બ્લોક(બંધ) થાય પાણીનો ભરાવો થાય અને પછી આ પાણી જાય કયાં ?

કચરો યોગ્ય જગ્યાએ નાંખવાને બદલે આમ તેમ જયાં ત્યાં ફેંકીને અગવડતા ઉભી કરીએ છીએ. આપણે જ આપણા પગમાં કુવાડો મારીએ છીએ. કોઈવાર ટુ વ્હીલનાં પૈડામાં ખાલી બોટલ અકસ્માત સર્જે છે. જાહેર રસ્તા પર ફેંકેલ કચરામાં કોઈવાર લોખંડની ધારદાર વસ્તુ અન્ય નાગરિકનાં પગમાં વાહનનાં પૈડામાં ખુંચે તો આ શું આપણો નાગરિક ધર્મ છે. વરસાદી પાણીમાં કચરો ન ફેંકીએ એક ધર્મનું કામ છે.

– હરેશ બોરસાણિયા, મતિરાળા.

---

# રાજુલાની નિવાસી છાત્રાલયની ત્રણ વિદ્યાર્થીનીઓએ ધો. ૧૦-૧૨માં સફળતા મેળવી



રાજુલા, તા. ૨૦

રાજુલા શ્રીમતિ વિમળાબેન હરકિશનદાસ મહેતા કન્યા છાત્રાલયમાં નિવાસી છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં ધો.૧૦ અને ધો.૧૨નાં વિદ્યાર્થી બહેનોએ ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. ધો.૧૦માં અભ્યાસ કરતાં કોટડી ગામના ધાખડા કૃપાબેબન ઉમેશભાઈ પી.આર. ૯૯.૩૮ તથા ગામ રામપરા નંબર–૨નાં ધો.૧૨ વણજર કાજલબેન અરજણભાઈ પી.આર. ૯૯.૫૦ તથા ગામ તાતનીયાનાં વ્યાસ અવની વિઠ્ઠલભાઈ પી.આર. ૯૯.૧૦ ટકા સાથે ઉતીર્ણ થયેલ છે.

આ સાથે છાત્રાલયનું ૧૦૦% પરિણામ પ્રાપ્ત કરેલ છે. ટ્રસ્ટી તથા કેમ્પસ ડાયરેકટર ડો. જીગ્નેશભાઈ વાજા, સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, આચાર્યા ડો. રીટાબેન રાવળ વતી અભિનંદન સાથે ઉત્તરોત્તર સિદ્ધિની શુભકામના પાઠવવામાં આવે છે.

---

# ધારી : સરસિયા કુમાર શાળામાં આરોગ્યલક્ષી માર્ગદર્શન અપાયું

ધારી, તા. ૨૦

પી.એચ.સી. જીરાનાં સબસેન્ટર સરસિયા કુમાર શાળામાં આરોગ્ય ટીમ દ્વારા ચોમાસાની શરૂઆતમાં જ વાહકજન્ય રોગ મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયાનાં લક્ષણો, તે કઈ રીતે ફેલાઈ છે, તેને અટકાવવાનાં ઉપાયો, મચ્છરનું જીવનચક્ર વિશેનું આરોગ્ય શિક્ષણ, આરઆરડીની સૂચના અને ડો. જોષી સીડીએચઓ, ડો. મકવાણા ટી.એચ.ઓ., ડો. ઉર્વશીબેન મેડિકલ ઓફિસર જીરાનાં માર્ગદર્શન હેઠળ એમપીએચડબલ્યુ તુષારભાઈ મકવાણા દ્વારા બાળકોને ટી.વી.માં વિડીયો બતાવીને સરળ ભાષામાં સમજણ આપવામાં આવી તેમજ ૩ બાળકોને બોલપેનની ભેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ. જેમાં શાળાનાં આચાર્ય તેજાણી આશિષકુમાર તથા ઉત્સાહિ શિક્ષકગણ–સરસીયા કુમાર શાળાનો સાથ સહકાર મળેલ.

---

હાઈકોર્ટમાં દસ્તાવેજી પુરાવા સાથે જાહેરહિતની અરજી કરવામાં આવી

# ભાવનગર ડુપ્લીકેટ રેશનકાર્ડ કૌભાંડ મુદ્દે હાઈકોર્ટની લાલ આંખ

## હાઈકોર્ટે આ મુદ્દે ભાવનગર કલેક્ટર, SP, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ અને રાજ્ય સરકારને નોટિસ ફટકારી છે

ભાવનગર, તા.૨૦

ભાવનગર ડુપ્લીકેટ રેશનકાર્ડ કૌભાંડની હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી છે. હાઈકોર્ટે આ મુદ્દે ભાવનગર કલેક્ટર, SP, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ અને રાજ્ય સરકારને નોટિસ ફટકારી છે. અરજદારની ફરિયાદ છે કે એક નામ પર એકથી વધુ રેશનકાર્ડ બનાવી ગેરકાયદે સરકારી લાભ લેવાયો છે.

આ સાથે અરજદારે સરકાર અને જનતા સાથે છેતરપિંડી થઈ રહી હોવાની અરજીમાં રજૂઆત કરી છે. અરજદારે આ કૌભાંડમાં અનેક વિક્રેતાઓ તથા સરકારી અધિકારીઓ સંડોવાયેલા હોવાનો પણ આક્ષેપ કર્યો છે. મહત્વપૂર્ણ છે કે આગામી દિવસોમાં આ કેસમાં વધુ સુનાવણી હાથ ધરાશે.

હાઈકોર્ટમાં દસ્તાવેજી પુરાવા સાથે જાહેરહિતની અરજી કરવામાં આવી હતી. જેમા અરજદારે આક્ષેપ કર્યો કે ભાવનગરમાં એક જ કુટુંબના નામે બે રેશનકાર્ડ બનાવી કૌભાંડ ચાલી રહ્યુ છે. એક વ્યક્તિના બે રાશનકાર્ડ અને મૃતક વ્યક્તિના નામે પણ ડુપ્લીકેટ રાશનકાર્ડ બનાવી કૌભાંડ આચરાયુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. એટલુ જ નહીં આ રાશનાકાર્ડ કૌભાંડમાં સરકારી અધિકારીઓની સંડોવણીનો પણ આક્ષેપ અરજદારે કર્યો છે. વ્યક્તિ સાથે વિક્રેતા અને દુકાન માલિકોની પણ કૌભાંડમાં સંડોવણી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે.

---

પક્ષ વિરૂદ્ધ પ્રવૃત્તિ કરવા બદલ કાર્યવાહી

# રાજકોટના AAP નેતા વશરામ સાગઠિયાને પાર્ટીએ બરતરફ કર્યા

## આમ આદમી પાર્ટીના નેતા વશરામ સાગઠિયા કોંગ્રેસના કાર્યક્રમમાં જોવા મળતા અનેક અટકળો તેજ બની હતી

રાજકોટ, તા.૨૦

રાજકોટથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. રાજકોટ આમ આદમી પાર્ટીના નેતા વશરામ સાગઠિયાને પાર્ટીએ બરતરફ કર્યા છે. પક્ષ વિરુદ્ધ પ્રવૃત્તિ કરવા બદલ વશરામ સાગઠિયાને તમામ પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. મહત્વનું છે, બે દિવસ અગાઉ વશરામ સાગઠિયા ગુજરાત કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ શક્તિસિંહ ગોહિલની પદયાત્રામાં જોવા મળ્યા હતા. તેમના એક વીડિયોએ ભારે ચર્ચા જગાવી હતી.

ગત ૧૮ જૂનના રોજ ગુજરાત કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ શક્તિસિંહ ગોહિલની ગાંધી આશ્રમથી પાલડી સુધીની પદયાત્રા યોજાઈ હતી. શક્તિસિંહ ગોહિલની પદયાત્રામાં રાજકોટ આમ આદમી પાર્ટીના નેતા વશરામ સાગઠિયા હાજર રહેતા અનેક રાજકીય તર્ક વિતર્ક શરૂ થયા હતા. આમ આદમી પાર્ટીના નેતા વશરામ સાગઠિયા કોંગ્રેસના કાર્યક્રમમાં જોવા મળતા અનેક અટકળો તેજ બની હતી.

AAP નેતા વશરામ સાગઠિયા વર્ષો સુધી કોંગ્રેસમાં રહ્યા બાદ ઈન્દ્રનીલ રાજ્યગુરુ AAPમાં જોડાતા તેઓ પણ તેમની સાથે આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા હતા. જોકે, થોડા મહિનાઓ બાદ ઈન્દ્રનીલ રાજ્યગુરુ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડીને ફરી કોંગ્રેસમાં જોડાઈ ગયા અને વશરામ સાગઠિયા હજુ પણ આમ આદમી પાર્ટીમાં જ છે. ત્યારે ગઈકાલે શક્તિસિંહ ગોહિલની પદયાત્રામાં કોંગ્રેસના કાર્યકરોની સાથેનો વશરામ સાગઠિયાનો વીડિયો વાયરલ થતાં સાગઠિયાની ઘર વાપસીને લઈને અટકળો તેજ થઈ હતી. જોકે, હવે આમ આદમી પાર્ટી દ્વારા તેમને તમામ પદો પરથી હટાવી દેવામાં આવ્યા છે.

---

વાવાઝોડું પસાર થઇ ગયા બાદ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરાઇ છે

# વાવાઝોડાથી ગુજરાતને થયેલા નુકસાનનો પ્રાથમિક અંદાજ સામે આવ્યો

ગાંધીનગર, તા.૨૦

બિપરજોય વાવાઝોડાથી ગુજરાતને થયેલા નુકશાનનો પ્રાથમિક અંદાજ સામે આવ્યો છે. સૌથી મોટું નુકશાન વીજ કંપનીઓને અને ખેડૂતોને થયું હોવાનું પ્રાથમિક અંદાજમાં જાણવા મળ્યું છે. વૃક્ષો ધરાશાયી થતાં પર્યાવરણ અને વન વિભાગને પણ મોટા પ્રમાણમાં નુકશાન થયું છે.

અસરગ્રસ્ત નાગરિકોને રૂ. ૧,૨૩,૮૨,૨૪૦ કેશડોલ્સ ચૂકવણી કરવામાં આવી છે. હજુ પણ ચૂકવણી કામગીરી પ્રગતિમાં હોવાનું રાજ્યના પ્રવકતા મંત્રીએ જણાવ્યું છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, બિપરજોય વાવાઝોડાના કારણે ગુજરાતમાં મીનીમમ લોસ થાય તે માટે રાજ્ય સરકારે ઝીરો કેઝ્યુલીટીના અભિગમ સાથે આગોતરું આયોજન કર્યું હતું. આ આયોજન અને સૌના સાથ સહકારથી આજે ગુજરાત આટલા ભયાવહ ચક્રવાત સામે બાથ ભીડી શક્યું છે. વાવાઝોડા દરમિયાન ભારે પવન અને વરસાદના કારણે અસરગ્રસ્ત જિલ્લાઓના કુલ ૬૪૮૬ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. વાવાઝોડું પસાર થઈ ગયા બાદ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી અત્યાર સુધીમાં ૫૭૫૩ ગામોમાં વીજળી પુનઃ સ્થાપિત કરવામાં આવી છે. જ્યારે બાકીના ગામોમાં વીજળી પુનઃ સ્થાપિત કરવાની કામગીરી હાલ પ્રગતિમાં છે.પ્રભાવિત જિલ્લાઓમાં ૪૦૦ કેવી, ૨૨૦ કેવી અને ૧૩૨ કેવીની ક્ષમતાના ૧૨ સબસ્ટેશનો વીજ પુરવઠો વાવઝોડા દરમિયાન ખોરવાયો હતો. જે તમામ સબસ્ટેશનમાં વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરાયો છે. આ ઉપરાંત ૬૬ કેવીના ૨૪૩ સબસ્ટેશનનો વીજ પુરવઠો પણ આ વાવાઝોડા દરમિયાન બંધ થયો હતો. જેમાંથી ૨૩૬ સબસ્ટેશનમાં વીજ પુરવઠો પુસ્થાપિત થઈ ગયો છે.

બાકી રહેતા ૭ સબસ્ટેશનમાં વીજ પુરવઠો ફરી શરુ કરવા માટેની કામગીરી ચાલી રહી છે. વાવાઝોડાથી ગેટકો અને ડીસ્ટ્રીબ્યુશન કંપનીઓના વીજ માળખાને અંદાજીત રૂ. ૭૮૩ કરોડનું નુકશાન થયું છે. પ્રભાવિત જિલ્લાઓમાં અસરગ્રસ્ત નાગરિકોને ૩ દિવસમાં કેશડોલ્સની ચૂકવણી કરવા માટે મુખ્યમંત્રીએ સૂચના આપી હતી. જેના પરિણામે પ્રભાવિત જિલ્લાઓમાં અત્યારસુધીમાં કુલ રૂ. ૧ કરોડ ૨૩ લાખ ૮૨ હજાર જેટલી કેશડોલ્સ ચૂકવવામાં આવી છે, જ્યારે હજુ પણ કેશડોલ્સ ચૂકવવાની કામગીરી ચાલી રહી છે.

વાવાઝોડાની વિપરીત અસરોથી સંભવિત જિલ્લાઓમાં પશુ મૃત્યાંકને ઘટાડવા માટે રાજ્ય સરકાર દ્વારા ઘણા પશુઓનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. બાકી રહેતા પશુઓને બાંધી ન રાખવા અને છુટ્ટા મૂકવા માટે પણ જણાવવામાં આવ્યું હતું. છતાં પણ વીજળી પડવાથી, ઝાડ નીચે દબાવાથી, વધારે સમય પાણીમાં ફસાયેલા રહેવાથી અને ઠંડીના કારણે રાજ્યના અસરગ્રસ્ત જિલ્લાઓમાં કુલ ૧૩૨૦ પશુઓ અને ૧૯૦૭ મરઘાના મૃત્યું થયા છે. પાત્રતા મુજબ કુલ મરણ પૈકી ૧૧૨૯ પશુઓને રાજ્ય સરકાર તરફથી સહાય મળવાપાત્ર છે. જેની અંદાજીત રકમ રૂ. ૧.૬૨ કરોડ છે. સહાય ચૂકવવાની શરૂઆત કરવામાં આવી છે જે ટૂંક સમયમાં જ પૂર્ણ થશે.

---

રથયાત્રાના રૂટ પરના જર્જરિત મકાનો અંગે અનેક ચેતવણી અપાઈ હતી

# અમદાવાદ : રથયાત્રાના કડિયાનાકાના રૂટ પર બાલ્કનીનો ભાગ ધરાશાયી થતાં ૧નું મોત, ૨૨થી વધુને ઈજા

અમદાવાદ, તા.૨૦

શહેરમાં છેલ્લા એક મહિનાથી રથયાત્રાની તૈયારીઓ થઈ રહી હતી અને યાત્રાના રૂટ પર રહેલા જર્જરિત મકાનો અંગે અનેક વખત સવાલો ઉઠ્યા હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી. આજે રથયાત્રાના દરિયાપુરના કડિયાનાકાના રૂટ પર મકાનની બીજા માળની બાલ્કનીનો ભાગ ધરાશાયી થતાં એકનું મોત થયું હતુ જ્યારે ૩ બાળક સહિત ૨૨ લોકોને ઈજા પહોંચી હતી. તમામ લોકોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. પ્રાપ્ત વિગતો પ્રમાણે રથયાત્રા ચાલી રહી હતી તે દરમિયાન ટ્રકમાં બેઠેલા લોકો દર્શન કરવા ઉભેલા લોકોમાં પ્રસાદ નાખી રહ્યા હતા. જોકે, તેમને પણ પ્રસાદ આપવામાં આવ્યો હતો અને પ્રસાદ લેવા લોકો નીચે વળતા બાલ્કની તૂટી પડી હોવાનું સ્થાનિક લોકો દ્વારા જાણવા મળ્યું છે. આ ગંભીર ઘટનામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પણ ગંભીર બેદરકારી સામે આવી છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે, કડિયાનાકા પાસે આવેલા મકાનને કોઈપણ પ્રકારની નોટિસ એએમસીના એસ્ટેટ વિભાગ દ્વારા આપવામાં આવી ન હતી જ્યારે તૂટી પડવાની ઘટના બની ત્યારે તાત્કાલિક ધોરણે એએમસીના અધિકારીઓ દોડતા થયા હતા અને લોકોની સામે જ તેઓએ આ જાહેર નોટિસ લગાવી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, 'કડિયાનાકા પાસે એક જૂનુ મકાન હતું. તેની બીજા માળની બાલ્કનીનો ભાગ અચાનક નીચે પડ્યો હતો અને ત્યાં ઉભેલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. કુલ ૨૨ જેટલા માણસોને ઈજા થઈ છે. તમામને નાની-મોટી ઈજા થઈ છે અને કોઈ જાનહાનિ થઈ નથી. ઈજાગ્રસ્તને તુરંત જ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે.

---

ઇતિહાસમાં પ્રથમવાર રથયાત્રામાં વિઘ્ન

# વડોદરામાં જગન્નાથજીનો રથ ખેંચવાનું દોરડું તૂટ્યું

વડોદરા, તા.૨૦

વડોદરા શહેરને સંસ્કારી નગરી કેહવામા આવે છે એટલા માટે જ આ શહેરમાં દરેક તહેવાર તેમજ ધાર્મિક પ્રસંગો ની દબદબાભેર ઉજવણી કરવામાં આવે છે.

વડોદરા પોતાની સાંસ્કૃતિક છબી ને કારણે અલગ તરી આવે છે ત્યારે અહી દર વર્ષે અષાઢી બિજ ના દિવસે ભગવાન જગન્નાથ જી ની ભવ્ય રથ યાત્રા નું આયોજન કરવામાં આવે છે. આજરોજ વડોદરા શહેર ખાતે ઈસ્કોન મંદિર ટ્રસ્ટ દ્વારા ૪૨ મી રથ યાત્રા નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હજારો ની સંખ્યા માં ભાવિ ભક્તો જોડાયા હતા તેમજ જય જગન્નાથ ના નાદ સાથે શહેર ના રાજમાર્ગો ગુંજી ઉઠ્યા હતા.વડોદરા શહેર ના રેલવે સ્ટેશન ખાતે થી બપોરે ત્રણ વાગ્યે ભગવાન જગન્નાથ જી ની ભવ્ય રથ યાત્રા નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.ધીરેધીરે રથ યાત્રા કાલાઘોડા તરફ આગળ વધી હતી દરમિયાન એમ.એસ યુનિવર્સિટી ની બિલકુલ બહાર જ રથ યાત્રા ને મોટું વિઘ્ન નડ્યું હતું. એક તરફ હજારોની સંખ્યામાં ઉમટેલા ભાવિ ભક્તો ધન્યતા અનુભવવા માટે દોરડા વળે રથ ખેંચવાનો લ્હાવો ચૂકવા નહોતા માંગતા તેવામાં અચાનક જ રથ ખેંચવા માટેના મજબૂત દોરડાના બે ટુકડા થઈ ગયા હતા. રથ ખેંચવાનું દોરડું ભલે તૂટ્યું હોય પરંતુ રથયાત્રામાં અતૂટ શ્રધ્ધા સાથે જોડાયેલા ભક્તોની આસ્થા નહોતી તૂટી. ભક્તોએ દોરડું તૂટતાંની સાથે જ રથ ન રોકાય તેના માટે ત્વરિત માનવ સાંકળ રચી હતી અને રથને આગળ ધપાવી વર્ષો જૂની પરંપરા જાળવી રાખી હતી. કે એમ એસ યુનિવર્સિટી પાસે ચાલુ યાત્રામાં જ અચાનક રથનું દોરડું તૂટતાં રથને જોરદાર ઝટકો વાગ્યો હતો. જેના કારણે ભગવાન સાથે રથમાં સવાર આગેવાનો તેમજ ભક્તોના જીવ તાળવે ચોંટયા હતા. પરંતુ જગતના નાથ એવા જગન્નાથની કૃપાથી કોઈને પણ ઈજા પહોંચી નહોતી.

---


ગુજરાતભરમાં રથયાત્રાની રંગેચંગે ઉજવણી

# ગુજરાતના અનેક શહેરોમાં જગન્નાથજીની રથયાત્રા નીકળી

## અષાઢી બીજ નિમિતે સમગ્ર રાજ્યમાં ધાર્મિક વાતાવરણ સાથે રથયાત્રાની ધામધુમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે

અમદાવાદ, તા.૨૦

અષાઢી બીજના પાવન પર્વ નિમિત્તે અમદાવાદ, રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં રથયાત્રાની ધામધુમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. રાજ્યના પડોશમાં આવેલા સંઘપ્રદેશ દમણમાં પણ આજે ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળી હતી. મહત્વપૂર્ણ છે કે છેલ્લા કેટલાક વર્ષોથી દમણમાં જગન્નાથ રથયાત્રા સમિતિ દ્વારા ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આજે પણ દમણમાં ભગવાન જગન્નાથ ,ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે નગર યાત્રાએ નીકળ્યા હતા. આ રથયાત્રામાં મોટી સંખ્યામાં દમણના લોકો સામાજીક અને ધાર્મિક અગ્રણીઓ પણ જોડાયા હતા. દમણમાં નીકળેલી આ રથયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. ભજન કીર્તન અને ડીજેના તાલે ભક્તો રથયાત્રામાં જોડાયા હતા.



સાબરકાંઠાના ઈડરમા મોટા રામદ્વારા મંદીરથી ભગવાન જગન્નાથની ૨૫મી રથયાત્રાનું પ્રસ્થાન ઈડર વડાલી ધારાસભ્ય રમણલાલ વોરાએ કરાવ્યું હતું. જેમાં ભગવાન જગન્નાથ ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી નવિન રથમાં બિરાજમાન થઈ નગર ચર્યાએ નીકળતા મનમોહક દ્રશ્યો સર્જાયા હતા. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મોટી સંખ્યામાં લોકો યાત્રામાં જોડાયા હતા. વધુમાં સાધુ સંતોની પાવન ભૂમિ એવા જૂનાગઢ શહેરમાં ૧૯ મી જાજરમાન રથયાત્રા નીકળી હતી. જેમાં લોકો જોડાયા હતા.ડીસામાં ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રાનું સાંસદ દિનેશભાઈ અનાવડીયા અને ધારાસભ્ય માળીએ રથને ખેંચી પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં ધારાસભ્ય પ્રવીણ માળીએ રથયાત્રામાં લાઠીદાવ કરતા લોકો અચરજ પામ્યા હતા. આણંદ જિલ્લાના પેટલાદ રણછોડજી મંદિર ખાતેથી ૯૭ મી ભવ્ય રથયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

અષાઢી બીજના દિવસે મોરબીમાં મચ્છુ માતાજીની ભવ્ય રથયાત્રા નીકળી હતી જેમાં હજારોની સંખ્યામાં રબારી અને ભરવાડ સમાજના લોકો જોડાયા હતા અને રસ ગરબા તેમજ હુડાની યુવક યુવતી સહિતનાએ જમાવટ કરી હતી. મચ્છુ માતાજીના કોઠે પહોચીને રથયાત્રા પૂરી કરવામાં આવી હતી અને આ ધાર્મિક પ્રસંગ દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્થાનિક પોલીસ દ્વારા રથયાત્રાના રૂટ ઉપર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રાખી દેવામાં આવ્યો હતો.

તો રાજકોટમાં પણ રાજા રણછોડની રથયાત્રા નીકળી હતી. નાનામવા ખાતેના જગન્નાથ મંદિરથી ૧૫મી રથયાત્રા શરૂ થઈ હતી જે શહેરના અલગ અલગ વિસ્તારમાં રાજમાર્ગો પર ૨૨ કિલોમીટર ફરી હતી.જેમાં ૬૦ જેટલા ફ્લોટ્સ અને ટેબ્લો રથયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા.જેમાં સનાતની બુલ્ડોજર ટેબ્લો આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. તથા રથયાત્રામાં ૧૭૦૦થી વધુ પોલીસ કર્મીઓ સુરક્ષામાં, જોડાયા હતા. આ દરમિયાન પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી પણ રથયાત્રામાં જોડાઈ ભગવાન જગન્નાથની આરતી કરી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે રાજકોટની જનતા ખૂબ ધર્મ પ્રેમી છે, રાજકોટમાં રંગે ચંગે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળી રહી છે. ખાસ રાજકોટમાં દરેક તહેવાર અનોખા હર્ષઉલ્લાસ સાથે ઉજવાય છે.

નવસારીના અગ્રવાલ કોલેજ રોડ પર આવેલા ઈસ્કોન મંદિરમાં ૧૦મી રથયાત્રા યોજવામાં આવી હતી. જેમાં આશરે ૧૦,૦૦૦ જેટલા ભક્તો આ રથયાત્રામાં જોડાઈ ધન્યતા અનુભવી હતી. તે જ રીતે દાહોદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ઝાલોદના ધારાસભ્ય મહેશ ભુરીયાએ પહિંદવિધિ કરી હતી. પહિંદવિધિ બાદ MLA મહેશ ભુરીયાએ રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આમ ઝાલોદ, લીમડી, લીમખેડા, સહિત અનેક વિસ્તારમાંથી રથયાત્રા નીકળી હતી

## વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતનાં માહોલમાં હજારો શહેરીજનો પરેશાન

# ચલાલામાં કાયમી ચીફ ઓફિસરનાં અભાવથી શહેરીજનો પરેશાન

**છેલ્લા થોડા મહિનાઓથી વહીવટદાર તરીકે મામલતદાર અને ઈન્ચાર્જ ચીફ ઓફિસરની જવાબદારી બગસરાનાં ચીફ ઓફિસરને સોંપાઈ**

**મહત્વનાં બન્ને અધિકારીઓ વિશેષ જવાબદારી માટે પુરતો સમય ફાળવી શકતા ન હોવાથી પરેશાની વધી**

**શહેરીજનોનાં રોજબરોજનાં કામો કે શહેરની વિવિધ સમસ્યાનું ઝડપથી નિરાકરણ થતું નથી**

**જાગૃત નાગરિક અને એડવોકેટ શાંતિલાલ રાઠોડે મહેસુલ મંત્રીને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૨૦

ચલાલાનાં જાગૃત નાગરિક અને એડવોકેટ શાંતિલાલ રાઠોડે રાજયનાં મહેસુલ મંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, હાલ ઘણા સમયથી ચલાલા નગરપાલિકામાં વહીવટદાર (મામલતદાર ધારી) તથા ઈન્ચાર્જ ચીફ ઓફિસર (ચીફ ઓફિસર બગસરા)ની નિમણૂંકો થયેલી છે. આ બન્ને જવાબદાર અધિકારીઓની નિમણૂંક થયા બાદ ચલાલા નગરપાલિકા કચેરીમાં ભાગ્યે જ રૂબરૂ પધારેલ છે. હાલ ચલાલા નગરપાલિકાનો વહીવટ ભગવાન ભરોસે ચાલી રહેલ છે. ચલાલા નગરપાલિકામાં રોજમદાર કર્મચારીઓની ભરતી બાબતે વિવાદ થતાં તમામ સફાઈ કામદારો એક માસ ઉપરાંત હડતાલ પર ઉતરી જતાં ચલાલા નગરમાં ઠેર–ઠેર ગંદકીનું સામ્રાજય વ્યાપી જવા પામેલ હતું અને સમગ્ર શહેરમાં રોગચાળો ફાટી

અનુસંધાન પાના ૬ ઉપર

### વનવિભાગની જીવહિતમાં ઉમદા કામગીરી

## બાબરાનાં લુણકી ગામે તેતરનાં શિકારનાં ઈરાદે ફરતાં ઈસમની અટકાયત કરાઈ

**ફોરેસ્ટ અધિકારી મધુબેન કરંગીયાની ટીમે કરી અટકાયત**

બાબરા, તા. ૨૦

બાબરા તાલુકાનાં લુણકી ગામના રેવન્યુ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે તેતરનાં શિકાર કરવાનાં ઈરાદે ફરતા ચારોલીયા ચારૂનજી રે. ચિતલ નામના શખ્સની બાબરા વન વિભાગને માહિતી મળતા રેન્જ ફોરેસ્ટ ઓફિસર મધુબેન કરંગીયાના માર્ગદર્શન હેઠળ મયુર પરમાર ફોરેસ્ટર તથા અન્ય સ્ટાફ દ્વારા પકડી પાડી રૂા.૧૫૦૦૦નો દંડ ફટકારી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## લીલીયા : ક્રેડિટ કો.ઓપ.સો.નાં બાકીદારની મિલ્કતની હરરાજી કરવાનો હુકમ

લીલીયામોટા, તા. ૨૦

લીલીયા મોટા ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીમાંથી ધિરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદારો (૧) કાળુભાઈ મોહનભાઈ ધંધુકીયાનો ચેક રૂા. ૪૩૦૯૬૦/–ના ધિરાણની રકમ તથા તે પેટે વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતા લીલીયા ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીના મેનેજીંગ ડિરેકટર મગનભાઈ હરીભાઈ વિરાણીએ આ બાકીદારો સામે મંડળીના લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમા ફોજદારી ફરિયાદ દાખલ કરેલ નામદાર લીલીયા અદાલતે આરોપી કાળુભાઈમોહનભાઈ ધંધુકીયાને ૧૮ માસની સજા તથા રૂા. ૪,૩૬,૯૬૪ ક્રેડિટ સોસાયટીને ચુકવવા હુકમ કરતા આરોપીએ ૧૮ માસની સજા ભોગવી લીધેલ છે. ત્યારબાદ વળતરની રકમ નહી ચુકવતા ધારાશાસ્ત્રી કિશોરભાઈ પાઠક મારફત વસુલાત માટે કેસ કરાતા નામદાર અદાલતે આરોપી કાળુભાઈ મોહનભાઈ ધંધુકીયાનુ મકાન (મિલકત)હરરાજી કરી સંસ્થાને રકમ ચુકવવા અને વસુલાત આપવા અમરેલી કલેકટરને હુકમ કરેલ છે તેમજ મિલ્કતની હરરાજી કરી વધતી રકમ સરકારે જમા લઈ આરોપીને ચુકવી આપવા હુકમ કરેલ છે. આ તકે વસુલાતની અરજીમાં પાઠકે નામદાર સુપ્રિમ કોર્ટના જજમેન્ટ રજુ કરી ધારદાર દલીલો કરતા નામદાર અદાલતે ખુબ જ સરાહનીય હુકમ કરી આપેલ છે. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

### સાવરકુંડલા નજીક આવેલ

## દોલતી ગામનાં ઈસમે ઓળખ છુપાવવા બનાવટી આધારકાર્ડ બનાવી ઠગાઈ કરી

**બનાવટી ઓળખ કાર્ડનાં આધારે હિમાચલ પ્રદેશમાં રહેતો હતો**

અમરેલી, તા. ૨૦

સાવરકુંડલા તાલુકાનાં દોલતી ગામે રહેતા દાદાભાઈ ઉર્ફે દાદેશ નાથાભાઈ ચાંદુ ગત તા. ૧૯/૮/૨૨ થી વચગાળાનાં જામીન ઉપરથી ફરાર થઈ અને ફરારનાં સમય દરમિયાન પોતાની સાચી ઓળખ છુપાવવા ખોટા નામ, સરનામાવાળા અને ઉપયોગમાં લઈ શકાય તેવું પોતાનું આધારકાર્ડ બનાવી પોતાની સાચી ઓળખ છુપાવી ઠગાઈ કરી હતી. બનાવટી દસ્તાવેજ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી આરોપી હિમાચલ પ્રદેશની ધર્મશાળા (જી. કાંગડા) ખાતે આવેલ મેહિલઓડ ગંજ ખાતે આવેલ હોલીવુડ કેફે નામની હોટલમાં વેઈટર તરીકે નોકરી મેળવી હતી.

### બગસરા–કૃષ્ણનગરની બસ એક કલાક મોડી

## બગસરા એસ.ટી. ડેપોનાં સંચાલકોની બેદરકારી સામે મુસાફર વર્ગમાં રોષ

**ડ્રાઈવરની અનિયમિતતાથી મુસાફરો પરેશાન**

તસ્વીર : સમીર વિરાણી–બગસરા



બગસરા, તા. ૨૦

બગસરા એસ.ટી. ડેપોએ ૩૦ વર્ષનો રેકોર્ડ તોડયો બગસરાથી રાત્રે ૯:૦૦ કલાકે ઉપડતી એસ.ટી. બસ બગસરા–કૃષ્ણનગર જેનો સમય ૯:૦૦ કલાકનો છે. તે બસ એક કલાકથી વધુ મોડી પડતા પેસેન્જરમાં હોબાળો મચ્યો હતો અને બગસરાનાં એસ.ટી તંત્રએ ૩૦ વર્ષનો રેકોર્ડ તોડયો આવું અનેકવાર બન્યું છે. પરંતુ અંધેર તંત્રની બેદરકારી ફરી જોવા મળી છે. ફરી એ જ પ્રશ્ન આવીને એસ.ટી.નો ઉભો છે કે ડ્રાઈવરનાં વાંકે બસ મોડી પડી છે. ડ્રાઈવરની નોકરી હોય તે ડ્રાઈવર નોકરીનાં સમયે હાજર ન થયેલ અને પેસેન્જરોમાં હોબાળો મચ્યો હતો. એસ.ટી.નાં અધિકારીઓમાં બેદરકારી જોવા મળી. જે ડ્રાઈવરની નોકરી હતી એ હાજર ન થતાં ફરી એ પ્રશ્ન આવીને ઉભો રહ્યો. બીજા ડ્રાઈવરને ગોતવા જવો પડયો હતો અને એક કલાકથી વધુ એસ.ટી. બસ મોડી પડતા પેસેન્જરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

### બગસરા નજીક આવેલ

## હામાપુર ગામે મારા ઘર સામે શા માટે જોવે છે ? તેમ કહેતા યુવક ઉપર હુમલો

**પાદરગઢ ગામનાં બે ઈસમો સામે ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૦, બગસરા તાલુકાનાં હામાપુર ગામે રહેતા ભરતભાઈ મધુભાઈ મયાત્રા નામનાં ૩૮ વર્ષિય યુવકનાં ઘર સામે પાદરગઢ ગામે રહેતા જનકભાઈ વાળા નીકળતા તે બાબતે બોલાચાલી થતાં હામાપુર બસ સ્ટેન્ડ પાસે જનકભાઈ વાળા તથા લગધીરભાઈ વાળાએ છરી, લાકડી લઈ ઉતરી મારી નાખવાનાં ઈરાદે યુવક ઉપર જીવલેણ હુમલો કરી ગંભીર રીતે ઘાયલ કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી નાશી ગયાની ફરિયાદ નોંધાઈ છે.

### રાજુલા નજીક આવેલ

## ભાક્ષી–૧ ગામે ધાતરવડી ડેમ નજીક માછલા પકડવાની ના પાડતા સામસામી મારામારી

**પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૦

રાજુલા તાલુકાનાં મોટા આગરીયા ગામે રહેતા હનુભાઈ શામજીભાઈ સોલંકી નામનાં ૪૨ વર્ષિય શ્રમિક ગત તા. ૧૮નાં રોજ સાંજે ભાક્ષી–૧ ગામે ધાતરવડી ડેમનાં પાળે આવેલ વાડીમાં શાકભાજી ઉતારતા હોય અને તરસ લાગતા ડેમનાં વિવડામાં પાણી પીવા જતાં ત્યાં દેત્રડ ગામે રહેતા અકબરભાઈ ભીખુશા કનોજીયા આવી તળાવમાંથી માછલા કેમ પકડો છો ? તેમ કહી કુંડળીવાળી લાકડી કાઢી આધેડનાં દીકરા મેહુલ ઉપર હુમલો કરી દીધો હતો. જયારે આધેડને આરોપી શૈલેષ બાધાભાઈ વાઘેલાએ લાકડી મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

તો આ જ બનાવમાં શૈલેષભાઈ વાઘેલાએ પણ સામાવાળા હનુભાઈ શામજીભાઈ સોલંકી સહિત ત્રણ સામે લાકડી વડે માર મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાવી છે.

### પોલીસ અધિક્ષક હિમકરસિંહની સૂચનાથી

## અમરેલી ખાતે યોગદિનની ઉજવણી અંતર્ગત બાઈક રેલીનું આયોજન થયું

**વિવિધ સ્લોગનથી શહેરીજનોને જાણકારી અપાઈ**



અમરેલી, તા. ૨૦

પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી તથા નાયબ પોલીસ અધિક્ષક એ.જી. ગોહિલની આગેવાનીમાં ''નવમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ–૨૦૨૩'' અંગે સામાન્ય નાગરિકોમાં જાગૃતતા લાવવાનાં હેતુસર અમરેલી શહેરમાં ગઈકાલે બાઈક રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. આ બાઈક રેલી અમરેલીનાં મુખ્ય માર્ગો જેવા કે, સીનીયર સિટીજન પાર્ક, રાજકમલ ચોક, મોટા બસસ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, કોલેજ સર્કલ વિસ્તારોમાંથી પસાર થયેલ હતી.

આ બાઈક રેલીનો મુખ્ય હેતુ આગામી ''૨૧મી જૂન યોગ દિવસ'' અંગે સામાન્ય નાગરિકોમાં યોગ પ્રત્યે જાગૃતતા આવે અને લોકો યોગ તરફ દોરાય તેવો હતો. આ બાઈક રેલીમાં ''

અનુસંધાન પાના ૬ ઉપર


ક્રિષ્ના ડાઈનીંગ હોલ

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

: હેડ ઓફિસ :

ક્રિષ્ના કેટરર્સ



ડૉ. પિયુષ વી. ગોસાઈ

(એમ.ડી.) ગાયનેક

પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત

શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર

સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.

ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬

ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮ સોમવાર થી શનિવાર...

ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.


### કોઈ મોટો અકસ્માત થાય તે પહેલા

## સાવરકુંડલામાં હાઈવે ઉપર બનેલ પથ્થરના દરવાજાનું રીનોવેશ જરૂરી

**''બિપરજોય'' વાવાઝોડાથી નુકસાન થયું**

(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલામાં સ્ટેટ હાઈવે નં.૩૪ ઉપર, કુંડલાથી અમરેલી તરફ જતાં, સૂર્યોદય પેટ્રોલપંપ પાસે નગરપાલિકા દ્વારા પથ્થરનો ગેટ બનાવવામાં આવેલ છે. જે આવતા જતાં રાહદારીઓનાં સ્વાગત માટે છે. પરંતુ બિપરજોય વાવાઝોડાએ આ ગેટને ઉપરની બાજુએ વીખી નાખ્યો છે. અગાઉ તોકતે વાવાઝોડાએ ઉપર રહેલા બે કેસરી સિંહને નુકસાન કર્યુ હતું. ત્યારે સદ્દભાગ્યે કોઈને ઈજા થઈ નહોતી. આ વખતે ગેટ ઉપર રહેલ ઝૂંપડી હવામાં લટકી રહી છે અને ઉપર મોટા મોટા પથ્થરો છૂટા પડેલા દેખાય છે. જો આ તાત્કાલિક દૂર કરવામાં નહિ આવે તો, સામાન્ય પવનમાં નીચે પડશે અને કોઈ નિર્દોષ નાગરિકો ભોગ બનશે. સ્વાગત થશે પણ મોતનું...! સત્વરે હટાવાય તેવી લોકોની માંગ છે.

### મૃતક યુવકની બારમાની વિધિ દરમિયાન માંગ ઉભી થઈ

## દલખાણીયા ગામે થોડા દિવસ પહેલા થયેલ હત્યા કેસની ફરિયાદમાં આરોપીનું નામ ચડાવવા માંગ

**આરોપીનું નામ દર્શાવવામાં ન આવે તો આંદોલનની ચીમકી**

અમરેલી, તા. ૨૦

ધારીનાં દલખાણીયા ગામે થોડા દિવસો પહેલાં સામાન્ય બાબતે બોલાચાલીમાં બન્ને પક્ષનાં એક–એક વ્યકિતનાં મોત થયા હતા. દરમિયાનમાં કમલેશભાઈ નામના મૃતક વ્યકિતનાં આજે ૧૨માંની વિધિમાં ઉપસ્થિતિમાં તેમના સમાજનાં આગેવાનોએ કમલેશભાઈની હત્યા કેસમાં પોલીસે એક આરોપી કે જે વગ ધરાવે છે. તેનાં નામનો ઉલ્લેખ ન કર્યાનો આક્ષેપ કરીને ૨ દિવસમાં એફઆઈઆરમાં તે આરોપીનું નામ જાહેર કરી તેની ધરપકડ કરવામાં ન આવે તો આંદોલનની ચીમકી સમાજનાં આગેવાનોએ આપી છે.

### એડવોકેટ નૌશાદ કાદરીએ પોલીસમાં અરજી આપી

## સાવરકુંડલાનાં કેબલ ઓપરેટર દ્વારા નાણા ઉઘરાવી સર્વિસ આપવામાં ઠાગાઠૈયા

**કેબલ ઓપરેટરે અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યાનો આક્ષેપ**

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલામાં પૈસા ઉઘરાવીને સર્વિસ આપવાને બદલે પૈસા હજમ કરતા ઓપરેટર સામે રોષ ભભૂકી ઉઠયો છે. જી.ટી.પી.એલ. કેબલની લાઈન પાથરીને એક સમયે જે ઓપરેટર નીચે કામ કરતો તેનાં કનેકશનો કબ્જાના લઈને શખ્સ કેબલ ગ્રાહકો સાથે છેતરપીડી કરતા હોવાની પોલીસ ફરિયાદ સાવરકુંડલા ટાઉન પોલીસ મથકમાં એડવોકેટ નૌશાદ કાદરીએ આપી છે. ઘરે અને દુકાને ૪ ટીવી હોય ને ટીવીમાં જી.ટી.પી.એલ. રીચાર્જના એક હજાર રોકડા ઉઘરાવીને સર્વિસ ના આપીને છેતરપીડી કર્યાની પોલીસમાં અરજી આપવામાં આવી છે. સાવરકુંડલાનાં આઝાદ ચોક, જૂનું બસ સ્ટેન્ડ, પઠાણ ફળી, બેટિયા વાસ, સરકારી હોસ્પિટલ વિભાગથી લઈને મહુવા રોડ સુધીમાં કેબલ પાથરેલો છે ને આવા અનેક ગ્રાહકો સાથે રિચાર્જનાં નામે છેતરપીંડી કરતો હોવાની વ્યાપક બૂમ ઉઠવા પામી હોય ત્યારે એડવોકેટ નૌશાદ કાદરી દ્વારા ઓપરેટર સામે છેતરપીંડી અને અભદ્ર ભાષા પ્રયોગની અરજી આપવામાં આવી છે.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)